દાખલ થયા તારીખ :–૦૯–૦૯–૨૦૨૦
રજી.લીધા તારીખ :–૦૯–૦૯–૨૦૨૦
ફેંસલ થયા તારીખ :–૦૬–૦૬–૨૦૨૫
સમય:– વર્ષ માસ દિવસ

**અમદાવાદ શહેરના મહે.૧૦માં એડિશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ (કોર્ટ નં.૧૩) (શ્રી એ. જી. ઓઝા) સાહેબની કોર્ટમાં, મુ. અમદાવાદ શહેર.**

ફોજદારી પરચૂરણ અરજી નં.૨૩૪૨/૨૦૨૦.
આંક:–૨૧.

**૦૧.** રીનાબેન કિરીટકુમાર દિવાન, ઉ.વ.૩૯,
રહે.ટી/૪, ચુંવાળનગર, વિભાગ–૦૨,
ગ્રાઉન્ડ ફલોર, ભાર્ગવ રોડ, મેઘાણીનગર,
અમદાવાદ.

**૦૨.** જૈનમ કિરીટકુમાર દિવાન, ઉ.વ.૦૮,
રહે.ટી/૪, ચુંવાળનગર, વિભાગ–૦૨,
ગ્રાઉન્ડ ફલોર, ભાર્ગવ રોડ, મેઘાણીનગર,
અમદાવાદ. **.....અરજદારો.**

**વિરૂધ્ધ**

**૦૧.** કિરીટકુમાર રેવનદાસ દિવાન, ઉ.વ.પુખ્ત, પતિ,

**૦૨.** રેવનદાસ છગનદાસ દિવાન, ઉ.વ.પુખ્ત, સસરા,

**૦૩.** શારદાબેન રેવનદાસ દિવાન, ઉ.વ.પુખ્ત, સાસુ,
નં. ૧ થી ૩ રહે. ટી/૪, ચુંવાળનગર, વિભાગ–૦૨,
ફર્સ્ટ ફલોર, ભાર્ગવ રોડ, મેઘાણીનગર,
અમદાવાદ.

**૦૪.** હેમલતા રેવનદાસ દિવાન, ઉ.વ.પુખ્ત, નણંદ,
રહે.સેનમા વાસ, ખંડોસવા ગામ,
તા.વિસનગર, જિ. મહેસાણા. **....સામાવાળાઓ.**

**બાબત:–** ઘરેલું હિંસા સામે સ્ત્રી રક્ષણ અધિનિયમ, ૨૦૦૫ની કલમ ૧૮,૧૯, ૨૦ અને ૨૨ મુજબ.

---

અરજદાર પક્ષે :– વિ.વકિલશ્રી સી.એસ.રાવત.
સામાવાળા પક્ષે :– વિ.વકીલશ્રી જે.સી.પરમાર.

---

## –:://ચુકાદો//::–

(૧.૦) ફરિયાદીએ હાલની અરજી પ્રોટેકશન ઓફિસર મારફતે દાખલ કરેલ છે. જેમાં ફરિયાદી તરીકે અરજદારને પ્રતિવાદીઓ તરીકે સામાવાળાઓને દર્શાવેલા છે. સરળતા ખાતર હવેથી ફરિયાદીને અરજદાર અને પ્રતિવાદીઓનો સામાવાળાઓ તરીકે ઉલ્લેખ કરેલ છે.

(૧.૧) અરજદારની અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના અરજદાર ના લગ્ન તા.૧૬–૦૨–૨૦૧૦ના રોજ સામાવાળા નં.૦૧ સાથે તેમની જ્ઞાતિના રીતરિવાજ મુજબ સગા સંબંધીઓની હાજરીમાં ચાંદખેડા, અમદાવાદ મુકામે થયેલા. લગ્ન સમયે પિયરપક્ષ તરફથી આપવામાં આવેલ કરિયાવર અને સ્ત્રીધન લઈ અરજદાર સામાવાળાઓને ત્યાં રહેવા ગયેલા. સામાવાળા નં.૦૧ સાથે લગ્ન જીવનથી અરજદારે તા.૨૨–૧૦–૨૦૧૨ના રોજ એક પુત્ર નામે "જૈનમ"ને જન્મ આપેલ છે. લગ્ન જીવનની શરૂઆતમાં અરજદારને સારી રીતે રાખેલ. ત્યારબાદ નાની નાની બાબતમાં ઝધડા કરી ગાળો બોલી દહેજ ઓછું લાવેલ છે તેવા મેણાટોણા મારી માનસિક રીતે હેરાન પરેશાન કરતાં આવે છે.

(૧.૨) લગ્નના એક વર્ષમાં અરજદાર સામાવાળા નં.૧ થકી ગર્ભવતી થતાં સીમંતનો પ્રસંગ આવેલ ત્યારે સામાવાળાઓએ અરજદારના પિતા પાસે રૂા.૧,૨૫,૦૦૦/– અને દાગીનાની માંગણી કરેલ જે અરજદારનું લગ્ન જીવન સારી રીતે ચાલે તે હેતુથી પિયરપક્ષ તરફથી આપવામાં આવેલ. સદર દર દાગીના અને રોકડ રકમ સામાવાળાઓએ પોતાની પાસે રાખી લીધેલ છે અને તે રકમની ફિકસ ડિપોઝીટ કરી સામાવાળાઓએ પોતાની કસ્ટડીમાં રાખેલ છે. ત્યારબાદ પુત્રનો જન્મ થયેલ અને સામાવાળા નં.૧ને આવાસ યોજનામાં મકાનની ફાળવણી થતાં અરજદારના પિતાને પોતાની એફ.ડી. તોડી રૂા. બે લાખ યોજનામાં ભરવા સામાવાળા નં.૧ને આપેલ તેમ છતાં સામાવાળા નં.૨ થી ૪ના અરજદારને વારંવાર દહેજ ઓછું લાવવા બાબતે મહેણાટોણા મારતાં આવેલ. જે દિવસે અરજદારના પિતાએ રકમ ચુકવી તે જ દિવસે સાંજે અરજદાર ની સાથે ઝધડો કરી ઘરમાંથી કાઢી મુકેલ અને બાળકને પણ લેવા કે મળવા દીધેલ નહીં. જેથી અજરદારે હેલ્પ લાઈનમાં ફોન કરી મદદ માંગતાં ઘરમાં પ્રવેશ

મળેલ. સામાવાળાઓ અરજદારને વારંવાર ઘરમાંથી કાઢી મુકતાં હતાં. અરજદારે પોલીસની મદદથી ઘરમાં પ્રવેશ મેળવેલ હોય ખુબ જ હેરાન પરેશાન કરતાં હતાં પરંતુ અરજદાર બાળકના ભવિષ્યનો વિચાર કરી તમામ ત્રાસ સહન કર્યે જતી હતી. સામાવાળાઓની વારંવાર ઝઘડો કરવાની આદતને કારણે અને નાની નાની વાતોમાં ગાળો બોલી ક્રુર વર્તન કરતાં હોવાથી તા.૧૩–૧૨–૨૦૧૫ના રોજ અરજદારે મફત કાનુની સલાહ કેન્દ્ર ખાતે અરજી આપેલ . ત્યારબાદ પણ સામાવાળાઓના વર્તનમાં કોઈ ફેર પડેલ નહીં અને ભુવાઓ બોલાવી વિધિ કરાવી અરજદારને શારીરિક માનસિક ત્રાસ આપવા લાગેલ કે જેથી અરજદાર મિલકત છોડીને જતી રહે. ત્યારબાદ તા.૦૧–૦૧–૨૦૧૮ના રોજ રસોઈ બનાવવા બાબતે ઝઘડો થતાં સામાવાળા નં.૨ અને ૩નાએ સામાવાળા નં.૧ની ચઢવણી કરતાં સામાવાળા નં.૦૧નાએ અરજદારને ખુબ જ મૂઢમાર મારેલો અને નાછુટકે બાળક સાથે પિયર જવાની ફરજ પાડેલી. ત્યારબાદ અરજદારને તેડી જવાનો કોઈ પ્રયત્ન કરેલ નહીં અને ધમકી આપતાં હોય તા.૦૬–૦૩–૨૦૧૮ના રોજ અરજદારે મહિલા પોલીસ સ્ટેશન, વસ્ત્રાપુરમાં ફરિયાદ આપેલી. ત્યારબાદ અરજદાર સાસરીમાં સામાવાળા નં.૧ સાથે ગ્રાઉન્ડ ફ્લોર ઉપર રહેતાં આવેલ છે અને સામાવાળા નં. ૨થી જનાઓ ફર્સ્ટ ફ્લોર પર રહેતાં આવેલ છે અને તે રીતનું સમાધાન કરી સાથે રહેતાં આવેલ તેમ છતાં સામાવાળા નં.૨ થી જનાઓ અરજદારની ગેરહાજરીમાં સામાવાળા નં.૧ની ચઢવણી કરતાં સામાવાળા નં.૦૧ અરજદારને ગાળો આપી અપમાનિત કરતાં હતાં અને છુટાછેડાની ધમકીઓ આપી સતત માનસિક ત્રાસ આપતાં હતાં.

(૧.૩) અરજદારે અરજીમાં આગળ જણાવેલ છે કે તા.૧૬–૦૫–૨૦૨૦ના રોજ રસોઈ બાબતે ઝઘડો કરી પિયર મોકલવાની ધમકી આપેલ. આથી, સામાવાળા નં.૧ અને અરજદારે ૧૦૦ નંબર પર ફોન કરી પોલીસ બોલાવેલ અને તે પછી બંને પોલીસ સ્ટેશન જવાબ લખાવવા ગયેલા. ત્યારબાદ સામાવાળા નં.૨ થી જનાએ સામાવાળા નં.૦૧ને ઘરમાંથી ભગાડી મુકેલ છે અને સામાવાળા નં.૨ થી જના તે સામાવાળા નં.૦૧ના કોન્ટેકટમાં છે.

અરજદાર અને સગીર બાળક સાથે સામાવાળા નં.૨ થી ૪ના કોન્ટેકટ રાખતાં નહીં તેમજ સામાવાળા નં.૦૧ની સાથે વાતચીત કરવા દેતાં નહીં. આમ, સામાવાળા નં.૦૧નાએ અરજદાર તથા સગીર બાળકનો તા.૨૭–૦૫–૨૦૨૦ થી ત્યાગ કરેલ છે અને તેઓની કોઇ જવાબદારી લીધેલ નથી.

(૧.૪) અરજદારે વધુમાં જણાવેલ છે કે સામાવાળા નં.૦૧ના લેબ–ટેકનીશયન તરીકે યુ.એન.મહેતા હોસ્પિટલમાં તથા મણિબેન આંખની હોસ્પિટલમાં નોકરી કરે છે. સામાવાળા નં.૦૨ પોસ્ટ ખાતામાંથી નિવૃત્ત થયેલ હોય તેઓને પેન્શન આવે છે. સામાવાળા નં.૦૧ના પર અરજદાર અને સગીર બાળક સિવાય અન્ય કોઇની જવાબદારી નથી. સામાવાળા નં.૦૧નો માસિક પગાર આશરે ૫૦–૬૦ હજાર છે. સામાવાળા નં.૦૧ના મોટર બાઈક તથા વેગનઆર ગાડી ધરાવે છે. અરજદાર તેણીના સગીર બાળક સાથે મેટ્રીમોનિયલ હોમમાં રહેતાં આવેલ હોય સદર મકાનમાંથી અરજદાર તથા સગીર બાળકને બહાર કાઢે કઢાવે નહીં અને બાળકનું ભરણપોષણ તથા બાળકની કસ્ટડી અંગે તથા વળતરનો હુકમ મેળવવા હાલની અરજી કરેલ છે તે મંજુર કરવા વિનંતી કરેલ છે.

(૨.૦) અરજદારની અરજી અન્વયે સામાવાળાઓને નોટીસ કાઢતાં નોટીસ સામાવાળાઓ પર નોટીસ બજી જતાં સામાવાળા નં.૦૧ના તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલ અને આંક–૦૩થી તેમનો જવાબ રજુ કરેલ છે. આ જવાબમાં અરજદાર અને સામાવાળા નં.૧ના લગ્ન થયેલ અને આ લગ્ન જીવન થી એક પુત્રનો જન્મ થયેલ તે હકીકતનો સ્વીકાર કરેલ છે તે સિવાય અરજદારે અરજીમાં કરેલા તમામ આક્ષેપોને નકારી કાઢેલ અને તેમના બચાવમાં જણાવેલ છે કે સામાવાળા નં.૧નાએ અરજદાર પાસે આઇ–૨૦ ગાડીની કોઇ માંગણી કરેલ નથી. સામાવાળા નં.૧ પાસે પોતાના નામની વેગનાર ગાડી છે. તેઓના સમાજમાં દહેજ કે શ્રીમંત પ્રસંગના દહેજનો કોઇ રીવાજ નથી. સામાવાળા નં.૧નાએ શ્રીમંત પ્રસંગે અરજદાર પાસે કોઇ માંગણી કરેલ નહીં. અરજદારના પિતાએ રૂા.૧,૨૫,૦૦૦/–ની ફિકસ ડિપોઝીટ અરજદારના નામે કરી આપેલ છે. મુખ્યમંત્રી આવાસ યોજનામાં મકાન મળતાં સામાવાળા નં.૧ના રૂા. બે લાખ ભરેલા છે અને તે માટે અરજદારના પિતા પાસે કોઇ ફિકસ ડિપોઝીટ

તોડાવેલ નથી. અરજદારે સામાવાળાને હેરાન પરેશાન કરવા અને છુટાછેડા લેવા બાબતે (૧) ગુજરાત મહિલા આયોગ, બાપુનગર, (૨) મફત કાનુની સલાહ કેન્દ્ર, શાહીબાગ, (૩) મહિલા પોલીસ સ્ટેશન પશ્ચિમ, અંધજન મંડળ પાસે, વસ્ત્રાપુર, (૪) શાહીબાગ મહિલા પોલીસ સ્ટેશન, પૂર્વ શાહીબાગ, (૫) મેધાણીનગર પોલીસ સ્ટેશન, (૬) ગુજરાત રાજય મહિલા આયોગ, ગાંધીનગર, (૭) એ.જી.ઓ. પાલડી વગેરે સંસ્થાઓમાં અરજીઓ કરેલ છે. સામાવાળાઓએ અરજદારને કોઈ શારીરિક માનસિક ત્રાસ આપેલ નથી. તા.૧૬–૦૫–૨૦૨૧ના રોજ બંને પક્ષકારોએ ૧૦૦ નંબર ફોન કરી પોલીસ બોલાવેલ ત્યારે સામાવાળાના ભાઈ હસમુખભાઈ તથા અરજદારના પિયરપક્ષ ના માણસો હાજર હતાં અને તે પૈકી અરજદારના પિતા સાથે વાતચીત કરતાં તેઓએ જણાવેલ કે હાલમાં હું મારા ઘરે લઈ જાવ છું અને બધું થાળે પાડી દઉ છું તેમ કહી અરજદારના પિતા અરજદારને તેમની સાથે લઈ ગયેલા હતાં. સામાવાળાએ અરજદારનો કયારેય પણ ત્યાગ કરેલ નથી કે ઘરની બહાર કાઢી મુકેલ નથી. અરજદારે અરજીમાં જણાવ્યા મુજબના કોઈ બનાવ બનેલા નથી.

**(૨.૧)** સામાવાળા નં.૧નાએ વધુમાં એવો બચાવ લીધેલ છે કે તેઓ અરજદાર ને યુ.એન. મહેતા હોસ્પિટલમાં સી.એચ.એસ.ડી. ડિપાર્ટમેન્ટમાં લેબ ટેકનીશીયન તરીકે નોકરીએ લગાવેલ છે અને અરજદાર હાલ પણ ત્યાં નોકરી કરી માસિક રૂા.૨૫,૦૦૦/–નો પગાર મેળવે છે. સગીર પુત્ર જૈનમને આર. ટી. ઈ. હેઠળ શાળામાં પ્રવેશ મેળવેલ છે. જૈનમનો ભરણપોષણ અને ટ્રાન્સપોર્ટનો ખર્ચ સામાવાળા નં.૧ના ચુકવતાં આવેલ છે. તબીબી ખર્ચ માટે વીમો ઉતરાવેલ છે જેનું પ્રિમીયમ પણ સામાવાળા નં.૧ના ચુકવે છે. આથી, ભરણપોષણની કોઈ રકમ ચુકવવાની જરૂરીયાત રહેતી નથી. સામાવાળા નં.૨ના વ્યાજે પૈસા ફેરવતા હોય તેવો કોઈ પુરાવો રજૂ કરેલ નથી. સામાવાળાઓ સુખી સમૃધ્ધ જીવન જીવે છે તેવું બતાવવા અને પોતાના સારું ભરણપોષણનો લાભ મેળવવા અરજદારે સામાવાળા નં.૧ની આવક અંગે ખોટી હકીકત જણાવેલ છે. સામાવાળા નં.૧નાએ પોતાની બચતમાંથી મોટર સાયકલ અને વેગનઆર ગાડી ખરીદેલ છે અને શરૂઆતથી જ ધરાવે છે.

(૨.૨) સામાવાળા નં.૧નાએ વધુમાં એવો બચાવ લીધેલ છે કે અરજદાર જે મકાનમાં રહે છે તે મકાન સામાવાળા નં.૧ની માતાની માલિકીનું છે. સદર મકાનના અડધા ભાગમાં અરજદાર અને સામાવાળા નં.૧ના રહેતાં હતાં અને બીજા અડધા ભાગમાં સામાવાળા નં.૧ના માતા રહેતાં હતાં પરંતુ અરજદારના શારીરિક માનસિક ત્રાસને કારણે તમામ સામાવાળાઓ અલગ વસવાટ કરે છે. અરજદાર સામાવાળા નં.૧ના માતાના મકાનમાં રહી પોતાનું સ્ત્રીધન તથા કરિયાવર અને કિંમતી ચીજવસ્તુઓ સુખેથી ભોગવે છે. આથી, સામાવાળા નં. ૧ એ અરજદારને રહેણાંક અને સ્ત્રીધન પરત આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨.૩) સામાવાળા નં.૧નાએ વધુમાં એવો બચાવ લીધેલ છેકે અરજદારે અરજી ના પેરા નં.ઈ માં બાળકનો કબજો પોતાની પાસે રહે તે માટે સ્ટે આપવા અને કાયમી હુકમ કરવાની દાદ માંગેલ છે પરંતુ સામાવાળા નં.૧ના પણ બાળકના કુદરતી વાલી હોય પિતા તરીકે તેમનો પણ હકક અને અધિકાર છે. તેથી પુત્ર અમુક સમય માટે સામાવાળા નં.૧ પાસે રાખવા મળે તેવો હુકમ કરવા અરજ કરેલ છે.

(૨.૪) અરજદાર અને સામાવાળા નં.૧ના ૧૧ વર્ષના લગ્ન જીવન દરમ્યાન સામાવાળા નં.૧નાએ અરજદાર પર કોઈપણ જાતનો શારીરિક કે માનસિક કે જાતીય ત્રાસ ગુજારેલ નથી કે કોઇ ગેરકાયદેસર કૃત્ય કરેલ નથી કે કોઇ ઈજા કરેલ નથી. આથી, અરજદાર આ અધિનિયમની કલમ ૨૨ મુજબ કોઇ પ્રકારનું વળતર મેળવવા હકકદાર નથી.

(૨.૫) અરજદારે પોતાની માતાની ચઢવણીમાં આવી જઈ સામાવાળા નં.૧નો ત્યાગ કરી પોતાની જીદ્દના ભાગ રૂપે પોતાના ધાર્યા મુજબનું કરાવવા સામાવાળા નં.૧ પર દબાણ ઉભું કરવા સામાવાળાઓ વિરુધ્ધ અરજીમાં ખોટા આક્ષેપો કરેલ છે અને તેના સમર્થનમાં ખોટું સોગંદનામું કરેલ છે. કૌટુંબિક હિંસાથી સ્ત્રીઓને રક્ષણ અધિનિયમ,૨૦૦૫ મુજબના કોઈપણ તત્વો અરજી માં ના હોય અને અરજી માં જણાવ્યા મુજબની કોઇ પણ દાદ મેળવવા હકકદાર થતાં ના હોય અરજદારની અરજી ખર્ચ સહિત રદ કરવા વિનંતી કરેલ છે.

(૩.૦) આ કામે અરજદારે તેમની અરજીના સમર્થનમાં નીચે મુજબના પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>**

| ક્રમ નં. | પુરાવાનું વર્ણન | આંક |
|---|---|---|
| ૦૧ | અરજદાર રીનાબેન કિરીટકુમાર દિવાનનું સરતપાસનું સોગંદનામું. | ૦૪ |

આ સિવાય અરજદારે આંક–૦૭થી નામદાર સુપ્રિમ કોર્ટના રજનેશ વિરુધ્ધ નેહાના ચુકાદા મુજબનું આવક અને જવાબદારી અંગેનું સોગંદનામું રજુ કરેલ છે. અરજદારે આંક–૧૨થી કલોઝીંગ પુરસીસ આપી આ સિવાય વધુ પુરાવો આપવા માંગતાં નહીં હોવાનું જાહેર કરેલ છે.

(૩.૧) આ કામે સામાવાળા તરફે નીચે મુજબના પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>**

| ક્રમ નં. | પુરાવાનું વર્ણન | આંક |
|---|---|---|
| ૦૧ | સામાવાળા નં.૧ કિરીટકુમાર રેવાનદાસ દિવાનનું સરતપાસનું સોગંદનામું. | ૧૩ |

આ કામે સામાવાળા નં.૧નાએ આંક–૦૬થી નામદાર સુપ્રિમ કોર્ટના રજનેશ વિરુધ્ધ નેહાના ચુકાદા મુજબનું આવક અને જવાબદારી અંગેનું સોગંદનામું રજુ કરેલ છે. સામાવાળાએ આંક–૧૪થી કલોઝીંગ પુરસીસ આપી આ સિવાય વધુ પુરાવો આપવા માંગતાં નહીં હોવાનું જાહેર કરેલ છે.

(૪.૦) અરજદારના વિ.વ.શ્રીએ આંક–૧૫થી લેખિત દલીલો રજુ કરી અરજદાર ની આંક–૦૧ની અરજી તથા આંક–૦૪ના અરજદારના સરતપાસ સોગંદનામા માં જણાવેલ હકીકતોનો પુર્નોચ્ચાર કરેલ છે અને વિશેષ દલીલમાં જણાવે છે કે સામાવાળા નં.૧ને પરસ્ત્રી સાથે સંબંધો છે. તા.૩૧–૦૭–૨૦૨૧ના રોજ અરજદારે સામાવાળા નં.૦૧ને અન્ય સ્ત્રી સાથે પકડેલ ત્યારે સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં સામાવાળા નં.૧નાએ જાહેરમાં અરજદારને માર મારેલ જે

અંગે અરજદારે અલગથી ફરિયાદ કરેલ છે. સામાવાળાઓના સતત શારીરિક માનસિક ત્રાસના કારણે હાલની અરજી લાવવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે. અરજી કરેલ તે સમયે સામાવાળા નં.૧ના યુ.એન. મહેતા અને મણિબેન આંખની હોસ્પિટલમાં તથા અન્ય જગ્યાએ લેબ ટેકનીશયન તથા કન્સલ્ટીંગનું કામ કરી રૂા.૫૦–૬૦ હજારની માસિક આવક કમાતા હતાં પરંતુ તેઓના પગાર માં તથા કન્સલ્ટીંગ ચાર્જમાં ઉત્તરોતર વધારો થયેલ હોય હાલ સામાવાળા નં.૧ ની માસિક આવક રૂા.૮૦,૦૦૦/–ની આસપાસ થાય છે. સામાવાળા નં.૦૧ નાએ તેમની જુબાની રૂા.૫૫ હાજર ખર્ચ કાઢતાં હાથમાં આવે છે તેવું સ્વીકારેલ છે પરંતુ પોતાની નવી પગાર સ્લીપ રજૂ કરેલ નથી અને જાણી જોઈને પોતાની આવક છુપાવી રહયાં છે. સામાવાળા નં.૦૧ના પર અરજદાર અને સગીર પુત્ર સિવાય બીજા કોઈની જવાબદારી રહેલ નથી. અરજદાર લગ્ન થયા ત્યારથી આજદિન સુધી સાસરીના સહિયારા મકાનમાં રહેતાં આવેલ છે. સામાવાળા ચાંદખેડા ખાતે પોતાના મકાનમાં રહેવા જતાં રહેલ છે. અરજદાર તરફે રજૂ થયેલ પુરાવાથી સામાવાળાઓ અરજદારને શારીરિક માનસિક ત્રાસ આપતાં હોવાનું પુરવાર થયેલ છે. સામાવાળા નં.૦૧નાએ અરજદારથી છુટાછેડા લેવા નામદાર ફેમિલી કોર્ટ અમદાવાદમાં ફેમિલી સ્યુટ નં.૧૭૭૦/૨૦૨૦ દાખલ કરેલ છે. અરજદાર પક્ષે રજૂ થયેલ પુરાવાથી સામાવાળાઓએ અરજદારને શારીરિક માનસિક ત્રાસ આપેલ હોય તેવું રેકર્ડ પર આવેલ હોય માંગ્યા મુજબની તમામ દાદ મંજુર કરવા વિનંતી કરેલ છે.

(૪.૧) સામાવાળા તરફે આંક–૧૬થી લેખિત દલીલો રજુ કરી સામાવાળા નં.૧ની આંક–૦૩ની જવાબ તથા આંક–૧૩ના સામાવાળા નં.૧ના સરતપાસ સોગંદનામામાં જણાવેલ હકીકતોનો પુર્નોચ્ચાર કરેલ છે અને વિશેષ દલીલમાં જણાવે છે કે અરજદાર હાલ અરજીમાં જણાવેલ જે સરનામે રહે છે તે અરજદારના સાસુ–સસરાની માલિકીનું મકાન છે. સદર મકાન અરજદાર પોતાના કામે કરાવી લેવા માંગતાં હોય સામાવાળાઓ વિરુધ્ધ દ્વેષભાવ રાખી ખોટી અરજી કરેલ છે. સામાવાળાઓએ અરજદારને કયારેય કોઇ પ્રકારનો ત્રાસ આપેલ નથી કે ઘરેલું હિંસાનો ભોગ બનાવેલ નથી. સામાવાળા નં.૧ના માતા

૬૫ વર્ષના અને પિતા ૭૮ વર્ષના છે અને બીમાર રહેતાં સામાવાળા નં.૧ પર તેમની જવાબદારી રહે છે અને તેઓની દવા પાછળ માસિક રૂા.૨૫,૦૦૦/– નો ખર્ચ થાય છે. લગ્ન પ્રસંગે વ્યવહારમાં માસિક રૂા.૧૫,૦૦૦/– થી ૨૦,૦૦૦/–નો ખર્ચ કરવો પડે છે. અરજદાર છેલ્લા દસ વર્ષથી યુ.એન.મહેતા હોસ્પિટલમાં લેબ ટેકનીશયન તરીકે નોકરી કરી કપાત બાદ કરતાં રૂા.૨૯,૦૦૦/–નો માસિક પગાર મેળવે છે. સામાવાળાએ અરજદારની આવકમાંથી એક રૂપિયો પણ લીધો નથી કે માંગ્યો નથી. અરજદાર સામાવાળા ને અપમાનિત કરી અભદ્ર વર્તન વ્યવહાર કરતાં અને સામાવાળાઓને ખોટા કેસોમાં ફસાવી દઈ જેલ ભેગા કરી દેવાની ધાક ધમકીઓ આપતાં રહે છે. અરજદારના શ્રીમંત સમયે જે રૂા.૧,૨૫,૦૦૦/–ની એફ.ડી. આપેલ તે અરજદારના ત્રણેય કાકાઓએ રૂા.૨૫,૦૦૦/– કાઢી અરજદારના નામની એફ.ડી. બનાવી આપેલ તે અસલ એફ.ડી. અરજદારે તેમના પિતાને આપેલ છે. સામાવાળા નં.૧ને મુખ્યમંત્રી આવાસ યોજનામાં મકાન મળેલ તે મકાન અરજદાર પોતાના નામે કરવા ઝધડો તકરાર કરતાં હતાં અને આત્મ હત્યાની ધમકી આપી ઘરેથી નીકળી ગયેલ. ત્યારબાદ સામાવાળાએ અરજદારની વિનંતી બાદ રાત્રે ૧૦ વાગ્યે તેણીના માતા–પિતા તથા ત્રણ કાકા, ભાઈઓ તથા ૧૮૧ નિર્ભયા હેલ્પલાઈન પર ફોન કરતાં બધાઓને ઘરે લાવીને સામાવાળા તથા સામાવાળાના પરિવારના સભ્યોને ખોટા કેસ કરવાની ધમકીઓ આપેલ. સામાવાળા નં.૧ની બહેને સિવિલ હોસ્પિટલમાં ન્યુરો સર્જરી કરાવેલ ત્યારે નણંદ મદદ રૂપ થવું ના પડે એટલે અરજદાર પોતાને પણ તકલીફ છે તેવું ખોટું બહાનું કાઢી મણિબેન આર્યુવેદિક હોસ્પિટલમાં ૧ મહિનો પંચકર્મની સારવાર કરાવેલ. અરજદાર શંકાશીલ સ્વભાવના હોય સામાવાળા નં.૧ને તેમની ભાભી સાથે ખોટા સંબંધો છે તેવું આક્ષેપ કરી ઝધડો કરતાં હોય સામાવાળા નં.૧ના ભાઈ–ભાભી તા.૦૪–૦૨–૨૦૧૭થી અલગ મકાનમાં રહેવા જતાં રહેલ છે. ત્યારબાદ અરજદાર સામાવાળા નં.૧ના માતા–પિતાનું સ્વાપાર્જિત મકાન પોતાના નામે કરી દેવા અને તેનો પ્રથમ માળ ભાડે આપી દઈ પોતે આ ભાડું મેળવશે તેવું દબાણ કરતાં હતાં પરંતુ સામાવાળા અરજદારના આ પ્રકારના દબાણને વશ ના થતાં અરજદારે તા.૦૬–૦૩–

૨૦૧૭ના રોજ સામાવાળા વિરુધ્ધ મહિલા પોલીસ સ્ટેશનમાં ખોટી ફરિયાદ નોંધાવેલ છે. અરજદારે સામાવાળાના માતા–પિતાને ગાળો આપી ઝધડો કરી તા.૩૧–૦૭–૨૦૨૧ના તેઓની સ્વપાર્જિત મિલકતમાથી કાઢી મુકેલા અને ત્યારબાદ અરજદાર અને તેના ભાઈ–ભાભી, માતા–પિતા, બહેન–બનેવીએ સામાવાળાની નોકરીના સ્થળે આવી સદર મકાનનો દસ્તાવેજ અરજદારના નામે કરી દો તેમ કહી ઝધડો કરી ધમકી આપેલ હતી. વધુમાં દલીલમાં જણાવેલ છે કે અરજદારે અરજીના સમર્થન એક પણ સાક્ષીનો પુરાવો રજૂ કરેલ નથી. અરજદારના ત્રાસના કારણે સામાવાળાએ અનેક વખત ઘર છોડીને જતાં રહેલ છે. અરજદાર પોતે સામાવાળાના માતા–પિતાને તેઓના ઘરમાં રાખવા માંગતી નથી અને તેઓની માલિકીનું મકાન પડાવી લઈ સુખેથી રહેવા માંગે છે. સામાવાળા તેઓના સ્ટેટસ મુજબ ભાડાના મકાનમાં અથવા સ્વતંત્ર માલિકીના મકાન અરજદાર તથા પુત્ર જૈનમને અલગથી રાખવા તૈયાર ન હતાં અને નથી. સામાવાળાના માતા–પિતા તેઓની સાથે રહે છે. સામાવાળા તેમના પુત્ર જૈનમનું ભરણપોષણ કરવા તૈયાર હતાં અને છે. પુત્ર જૈનમનું ભરણપોષણ અને ટ્રાન્સપોર્ટનો ખર્ચ સામાવાળા ચુકવતાં આવેલ છે અને જૈનમના તબીબી ખર્ચ માટે વીમો ઉતરાવેલ જેનું પ્રિમીયમ સામાવાળા ભરે છે. જૈનમને આર.ટી.ઈ. હેઠળ શાળામાં પ્રવેશ મેળવેલ હોય તેની સ્કુલ ફી ભરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વધુમાં સામાવાળા પુત્ર જૈનમના કુદરતી પિતા હોય જૈનમ પર તેમનો પણ હકક અને અધિકાર હોય દરેક અઠવાડિયા રવિવારે રજા ના દિવસે નોકરીનો સમય પુરો થાય બાદ બપોરે કે અનુકૂળ સમયે ૧–૨ કલાક મળવા દેવા હુકમ કરવા વિનંતી કરેલ છે. વધુમાં દલીલ કરેલ છે કે સામાવાળા એ અરજદારને કયારેય કોઈ ત્રાસ આપેલ નથી અને તેવો ત્રાસ હોવાનું અરજદાર તેમના પુરાવાથી સાબિત કરી શકેલ નથી. અરજદાર હાલ જે મકાનમાં રહે છે તે મકાન સામાવાળાના માતા–પિતાની માલિકીનું છે તે મકાન અરજદાર પોતાના નામે કરાવી લેવા માંગે છે અને તે મુજબ સામાવાળાઓ વર્તતા ના હોય પોતાનું ધાર્યું કરાવવા સામાવાળાઓએ પર ચેન કેન પ્રકારે સામાવાળાઓને હેરાન પરેશાન કરવા હાલની અરજી દાખલ કરેલ હોય અરજી ખર્ચ સહિત નામંજુર કરવા વિનંતી કરેલ છે.

**(૫.૦)** પક્ષકારો દ્બારા રજુ થયેલ પુરાવા તેમજ કાયદાની જોગવાઈ તથા દલીલો ને આધારે પ્રસ્તુત અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–::મુદ્દા::–**

(૧) શું અરજદાર પુરવાર કરે છે કે, તેઓને સામાવાળાઓ દ્બારા કૌટુંબીક હિંસાથી સ્ત્રીઓના રક્ષણ અધિનિયમ, ૨૦૦૫ મુજબ અરજદાર પર કૌટુંબીક હિંસા આચરેલ છે?

(૨) શું અરજદાર પુરવાર કરે છે કે, તેઓને સામાવાળાઓ વિરુધ્ધ કૌટુંબિક હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનિયમ, ૨૦૦૫ની કલમ ૧૨(૧), ૧૮, ૧૯, ૨૦ અને ૨૨ હેઠળ હુકમ મેળવવા હક્કદાર છે?

(૩) શું હુકમ?

**(૬.૦)** ઉપરોકત મુદ્દાના કારણોની ચર્ચા કરી છે તે મુજબ નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ અંશત: હકારમાં

મુદ્દા નં.૨ અંશત: હકારમાં

મુદ્દા નં.૩ આખરી હુકમ મુજબ

**(૭.૦)** ઉપરોકત નિર્ણયના કારણો નીચે મુજબ છે.

**::–કારણો–::**

**<u>મુદ્દા નંબર:–૧ :–</u>**

**(૭.૧)** સદર કેસની ગુણદોષ ઉપર ચર્ચા કરતાં પહેલાં આ કાયદાનો ઉદ્ભવ, ઉદ્ધેશ્ય અને આ કાયદો લાવવાની જરૂરીયાત ધ્યાને લેવી પડે તેથી આ કાયદા ની પ્રારંભિત પ્રસ્તાવના જોતાં, કુટુંબમાં થતી કોઈપણ પ્રકારની હિંસા કે તેને લગતી અન્ય બાબતો અથવા તેને આનુસંગિત બાબતોથી ભોગ બનનાર મહિલાઓ, જેમને ભારતીય બંધારણ દ્બારા હક્કોના રક્ષણની ખાતરી આપવામાં આવેલ છે. તેમના અધિકારોને વધુ અસરકારક સુરક્ષા માટેની જોગવાઈઓ માટે

આ કાયદો ધડવામાં આવેલ છે. આ કાયદો અમલમાં લાવવા માટે જે મહત્વનું કારણ મુકવામાં આવેલ તે એ છે કે, આપણા સમાજમાં ઘરેલું હિંસા વ્યાપક રીતે પ્રસરેલ છે પરંતુ તે જાહેરમાં દેખાઈ આવતી નથી. હાલમાં પતિ અને તેના સગાઓ દ્વારા આચરવામાં આવતી ક્રુરતાએ ભારતીય દંડ સંહિતાની કલમ ૪૯૮(ક) મુજબનો ગુનો ઠરાવાયેલ છે પરંતુ તે અંગેની દિવાની કાયદાઓમાં તે માટે કોઈ વિશેષ વ્યવસ્થા થયેલ નથી તેથી ભારતીય બંધારણના આર્ટીકલ ૧૪, ૧૫ તથા ૨૧ને ધ્યાને રાખી સ્ત્રીને ઘરેલું હિંસાથી બચાવવા અને સમાજમાં આવા ઘરેલું હિંસાના બનાવો અટકાવવાના હેતુથી આ કાયદાનું બીલ પસાર કરવામાં આવેલ છે.

**(૭.૨)** શું અરજદાર પુરવાર કરે છે કે, તેઓને સામાવાળાઓ દ્વારા કૌટુંબિક હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનિયમ, ૨૦૦૫ મુજબ કૌટુંબિક હિંસાનો ભોગ બનાવેલ છે અને તેઓના પર કૌટુંબિક હિંસા આચરેલ છે? તે મુદ્દે ચર્ચા કરતાં પહેલાં અરજદાર તથા સામાવાળાઓ વચ્ચે કાયદામાં જણાવેલ ''કૌટુંબિક સંબંધ '' છે કે કેમ? સામાવાળાઓ પ્રતિવાદીની વ્યાખ્યામાં પડે છે કે કેમ? તે ધ્યાને રાખવું જરૂરી છે.

> **''કૌટુંબિક સંબંધ''** એટલે ''બે વ્યકિતઓનો સંબંધ કે જેઓ સાથે રહે છે અથવા અમુક ચોક્કસ સમયે હિસ્સા પાડેલ ઘર બહારમાં સાથે રહેલ હોય અથવા લગ્નથી કુટુંબના સભ્યોની જેમ રહેતા હોય તો તેને કૌટુંબિક સંબંધ કહી શકાય.''
>
> **''પ્રતિવાદી''** એટલે ''કોઈ પુખ્ત વયની પુરુષ વ્યકિત જેને ભોગ બનેલ વ્યકિત સાથે સંબંધ હોય અથવા તો જેની વિરુધ્ધ ભોગ બનેલ વ્યકિતએ આ અધિનિયમ હેઠળ (કૌટુંબિક હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનિયમ-૨૦૦૫, હવે પછી અધિનિયમ તરીકે સરળતા ખાતર સંબોધવામાં આવેલ છે) રાહત મેળવવાનો પ્રયાસ કર્યો હોય.''

**(૭.3)** પ્રસ્તુત કેસમાં ઉપરોકત મુદ્દો સાબિત કરવાનો ભાર અરજદાર ઉપર છે. આ કામના અરજદાર અને સામાવાળા નં.૧ના લગ્ન થતાં તેઓ સંયુકત કુટુંબમાં રહેતાં હતાં અને આ લગ્ન જીવનથી તેઓને એક પુત્ર જૈનમ નો જન્મ થયેલ તે મુદ્દે પક્ષકારો વચ્ચે કોઇ તકરાર નથી. સામાવાળાઓ તરફે અરજદાર તેઓની સાથે વૈવાહિક ઘરમાં એક છત નીચે રહેલ નહીં તેવો કોઇ બચાવમાં લેવામાં

આવેલ નથી કે તે અંગે કોઈ વાંધો ઉઠાવેલ નથી. આથી, આ કામના અરજદાર અને સામાવાળા નં.૧ લગ્ન સંબંધથી જોડાયેલા પતિ –પત્ની છે. જયારે સામાવાળા નં.૨ના સસરા, સામાવાળા નં.૩ના સાસુ અને સામાવાળા નંબર ૪ નણંદ થાય છે.

(૭.૪) અરજદારે તેમની આંક–૦૧ની અરજીમાં કરેલ રજુઆત તથા તેમના આંક–૦૪ના પુરાવાના સોગંદનામામાં જણાવેલ હકીકત ધ્યાને લેતાં અરજદાર સામવાળાઓ સાથે સંયુકત કુટુંબમાં રહેતી હોવાનું જણાઈ આવે છે. તદ્ઉપરાંત, અરજદારને સામાવાળાઓ સાથે કૌટુંબિક સંબંધ છે તેવું રજુ થયેલ મૌખિક પુરાવા ઉપરથી સ્પષ્ટ જણાય આવે છે . અરજદારની અરજીમાં સામાવાળાની ઉંમર તથા કૌટુંબિક સંબંધ અંગેના કથનો તથા પુરાવા ધ્યાને લેતાં એવું સ્પષ્ટ જણાઈ આવે છે કે સામાવાળા પુખ્તવયના વ્યકિત છે અને તેઓએ ભોગ બનેલ વ્યકિત સાથે અર્થાત અરજદાર સાથે પત્ની તરીકે તથા અન્ય સામાવાળા સાથે કૌટુંબિક સંબંધ છે. આમ, રજુ કરેલ પુરાવા ધ્યાને લેતાં સામાવાળાઓ પ્રતિવાદીની વ્યાખ્યામાં આવે છે હવે રજુ કરેલ પુરાવા ધ્યાને લેતાં એ નિર્ણય કરવાનો છે કે શું અરજદાર ઉપર કૌટુંબિક હિંસા અધિનિયમમાં જણાવેલ વ્યાખ્યા મુજબ કૌટુંબિક હિંસા આચરવામાં આવેલ છે કે કેમ અને તે અંગે કૌટુંબિક હિંસાની વ્યાખ્યા જે અધિનિયમના પ્રકરણ–૨, કલમ–૩માં આપેલ છે તે ધ્યાને રાખવી જરૂરી હોય તે નીચે મુજબ છે.

**''કૌટુંબિક હિંસાની વ્યાખ્યા", કલમ–૩**

આ અધિનિયમના હેતુઓ માટે પ્રતિવાદીનું કાર્ય, કસૂર કે કૃત્ય કે જયારે આચરણથી નીચેના કિસ્સામાં કૌટુંબિક હિંસા બને છે.

(ક) તે ભોગ બનેલ સ્ત્રીનું હિત કે અવયવ, શારીરિક હોય કે માનસિક, જીવન સલામતી, તંદુરસ્તીને નુકસાન પહોંચાડવામાં આવે, ઈજા કરવામાં આવે કે જોખમમાં મુકવામાં આવે: અથવા

(ખ) ભોગ બનેલ વ્યકિતને અથવા તેના સંબંધી હોય તેવી કોઇ વ્યકિતને દહેજ કે અન્ય સંપત્તિ કે કિંમતી જામીનગીરીની ગેરકાયદેસર માંગણી પુરી કરવા દબાણ કરવાના હેતુથી, ભોગ બનેલ વ્યકિતને હેરાન કરવામાં આવે, નુકસાન કરવામાં આવે, ઈજા કરવામાં આવે કે જોખમમાં મુકવામાં આવે: અથવા

(ગ) કલમ–(ક) કે કલમ (ખ)માં જણાવ્યા મુજબ, કોઇ વર્તણૂંકથી ભોગ બનેલ વ્યકિત કે તેનો કોઇ સંબંધિત વ્યકિતને ધમકી આપવાની અસર હોય: અથવા

(ઘ) અન્યથા ભોગ બનેલ વ્યકિતને, શારીરિક હોય કે માનસિક, ઈજા પહોંચાડે કે નુકસાન પહોંચાડે.

<u>**સમજુતી–૧:– આ કલમના હેતુઓ માટે–**</u>

(૧) ''શારીરિક અત્યાચાર'' એટલે કોઇ કૃત્ય કે વર્તણૂંક કે જે એવા પ્રકારનું હોય કે જે ભોગ બનેલ વ્યકિતના, તંદુરસ્તી કે અવ્યવ, જિંદગીનું જોખમ કે શારીરિક રીતે દુ:ખ પહોંચાડવું, નુકસાન પહોંચાડવું અથવા તેના વિકાસ કે તંદુરસ્તી બગાડવી અને હુમલો, ફોજદારી ધાક ધમકી અને ફોજદારી દબાણનો સમાવેશ કરે છે.

(૨) ''શારીરિક કનડગત''માં જાતીય પ્રકારની કોઇ વર્તણૂંકનો સમાવેશ થાય છે કે જે સ્ત્રીનો માન–મરતબાનો ભંગ કરે, અન્યથા પતન કરે, માનહાનિ કરે, અત્યાચાર કરે છે.

(૩)''શાબ્દિક અને લાગણીશીલ અત્યાચાર''માં આ બાબતોનો સમાવેશ થાય છે–

(ક) અપમાન, મહેણાટોણા, માનહાનિ, નામ બોલવું અને ખાસ કરીને પુરૂષ બાળક ન હોવાના લીધે, અપમાન કે મહેણાટોણા અને

(ખ) કોઇ વ્યકિત કે જેમાં ભોગ બનનાર વ્યકિતને રસ હોય, ને શારીરિક દુ:ખ આપવા વારંવાર અપાતી ધમકીઓ:

(૪) ''આર્થિક અત્યાચાર''માં આ બાબતોનો સમાવેશ થાય છે–

(ક) બધા કે કોઇ આર્થિક કે નાણાંકિય સ્ત્રોતોથી વંચિત રાખવું તે, કે જે ને મેળવવા ભોગ બનેલ વ્યકિત કોઇ કાયદા કે રીવાજ હેઠળ હકકદાર છે જે અદાલતના હુકમ હેઠળ આપવાનું બાકી હોય અથવા બીજી રીતે કે જેની વ્યકિતને જરૂરીયાતમાંથી જરૂર હોયપરંતુ મર્યાદિત ન હોય તે ભોગ બનેલ વ્યકિત અને તેના બાળકો માટે ઘર વખરીની જરૂરીયાતોનો સમાવેશ થાય છે, જો કોઇ સ્ત્રીધન, સંપત્તિ, સંયુકત રીતે કે અલગ રીતે ભોગ બનેલ વ્યકિત દ્વારા મેળવેલ હોય, હિસ્સા પાડેલ ઘરને સંબંધિત ભાડાની ચુકવણી અને ભરણપોષણ

(ખ) ઘરવખરી વસ્તુઓનો નિકાલ, મિલકતોની તબદીલી, જંગમ હોય કે સ્થાવર હોય, કિંમતી વસ્તુઓ, શેર જામીનગીરીઓ, બોન્ડ અને તેના જેવી અન્ય સંપત્તિ કે જેમાં ભોગ બનેલ વ્યકિતને રસ હોય અથવા તેનું સ્ત્રીધન અથવા ભોગ બનેલ વ્યકિત દ્વારા સંયુકત રીતે કે અલગ રીતે અન્ય સંપત્તિ ધરાવવામાં આવતી હોય અને...

(ગ) સ્ત્રોતો કે સુવિધાઓને વાપરવાનો ચાલુ રહેલા હકક પર અંકુશ કે પ્રતિબંધ કે જેનો ભોગ બનેલ વ્યકિત કૌટુંબિક સંબંધને નાતે વાપરવારને કે ભોગવવાને હક્કદાર છે: સાથે સાથે હિસ્સા પાડેલ ઘરબારનો વાપરવાનો હક્ક.

સમજુતી – ૨ :–આ કલમ હેઠળ, પ્રતિવાદીનું કૃત્ય, કસુર, કાર્ય કે વર્તણૂંકથી ''કૌટુંબિક હિંસા'' થતી હોય કે કેમ તે નક્કી કરવાના હેતુ માટે, કેસની એકંદરે હકીકતો અને સંજોગોને ધ્યાને લેવામાં આવશે.

(૭.૫) અરજદાર તરફે તેમની અરજીના સમર્થનમાં આંક–૦૪થી સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે જેમાં અરજદારે આંક–૦૧ની અરજીમાં જણાવેલ હકીકતોનો પુર્નોચ્ચાર કરેલ હોય પુનરાવર્તનનો દોષ ટાળવાના હેતુથી સરતપાસનો પુન:ઉલ્લેખ કરેલ નથી. જયારે સામાવાળા તરફે અરજદારની ઉલટતપાસ કરવામાં આવતાં અરજદારે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેણીના લગ્ન ૨૦૧૦માં થતાં પાંચ દિવસ સાસરીમાં રોકાયેલ ત્યારબાદ તેણીના માતા–પિતા તેણીને તેડી ગયેલા અને તેઓના સમાજના રીતરિવાજ મુજબ લગ્નના સાત આઠ મહિના બાદ તેણીનું આણું કર્યા બાદ તેણી સંયુકત કુટુંબમાં રહેતી હતી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે બે વર્ષ બાદ તેણીનું શ્રીમંત કરેલ. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે તે વચ્ચે તેણીને માર મારેલ અને તેણીના માતા–પિતાને ત્યાં કાઢી મુકેલ અને આઠ મહિને લેવા આવેલ. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે વચ્ચે તેણીને માર મારેલ અને તેણીના માતા–પિતાને ત્યાં કાઢી મુકેલ અને આઠ મહિને લેવા આવેલા તે હકીકત સરતપાસમાં જણાવેલ નથી. તેણી શ્રીમંત બાદ તેણીના માતા–પિતાના ઘરે તેડી ગયેલા ત્યારે તેણી તેના દરદાગીના તેની સાથે લઇ ગયેલ હતી. <u>એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે શ્રીમંત વખતે નાણાં અને બોન્ડ આપેલા તેની ફિકસ ડિપોઝીટ કરેલ છે. સાહેદ જાતે જણાવે છે કે સામાવાળા નં.૧ને મકાન બનાવવા પૈસાની જરૂર</u>

<u>હોય આ ફીકસ ડિપોઝીટની રકમ તેણીએ તેઓને આપી દીધેલ.</u> એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે શ્રીમંત તેણીને એક દીકરાનો જન્મ થયેલ. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે દીકરાનો જન્મ થતાં સામાવાળા તથા તેના માતા–પિતા દીકરાની ખબર અંતર પુછવા આવેલ અને દીકરાના જન્મ થયાના અઢી વર્ષ સુધી તેણી પિયર રહેલી અને ત્યારબાદ તેણીને તેડી ગયેલા. સાહેદ જણાવે છે કે તેણીને નવ મહિના પછી સામાવાળા તેડી ગયેલા. એ હકીકતનો ઈનકાર કરેલ છે કે શ્રીમંત પછી તેડી ગયા બાદ તેણી અલગ રહેવા માટે દબાણ કરતી હતી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેણીને પગમાં તકલીફ હોવાથી તેની જાણ કરતાં તેની સારવાર મણિબેન આર્યુવેદિક હોસ્પિટલમાં કરાવેલ. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેણીની સાસુની તબિયત સારી રહેતી ન હોવાથી કામવાળા બાઈ આવતાં અને વાસણ, કપડાં તથા કચરા પોતાનું કામ કરતાં હતાં અને તેણીને રસોઈનું કામ જ કરવાનું હોય છે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે સામાવાળા વિરુધ્ધ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરેલી ત્યારબાદ તેણીને તેડી ગયેલા. આ સિવાય સામાવાળાઓ તરફે પુછેલ સવાલોનો નકારમાં જવાબમાં આપેલ છે.

(૭.૬) આ કામે સામાવાળા નં.૧નાએ આંક–૧૩થી સરતપાસનું સોગંદનામું રજૂ કરેલ છે અને તેમાં એવી હકીકત જણાવેલ છે કે તેઓ સામાવાળા નંબર ૧ ના લગ્ન અરજદાર સાથે તા.૧૬–૧૦–૨૦૧૦ના રોજ ચાંદખેડા, અમદાવાદ ખાતે હિન્દુ ધર્મ અને તેઓની જ્ઞાતિના રીતરિવાજ મુજબ થયેલા અને ત્યારથી અરજદાર તેઓના કાયદેસરના પત્નિ છે. અરજદાર લગ્ન સમયે સાસરીમાં માત્ર પાંચ દિવસ રોકાયા બાદ તેઓની જ્ઞાતિના રીતરિવાજ મુજબ અરજદારના પિતા અરજદારને પિયર તેડી ગયોલ. તેઓના સમાજમાં લગ્ન પ્રસંગે કે શ્રીમંત પ્રસંગે દહેજ આપવાનો રીવાજ નથી પરંતુ શ્રીમંત પ્રસંગે માતા–પિતા પોતાની મરજી થી કરિયાવરમાં સોના–ચાંદીના દાગીના આપે છે. તેઓના સમાજમાં લગ્ન પછી આણું કરવાનો રીવાજ હોઈ લગ્નના એક વર્ષ બાદ અરજદારનું આણું કરતાં સામાવાળાને ત્યાં તેડી લાવેલ અને અરજદાર સામાવાળા સાથે સંયુકત કુટુંબમાં રહેતાં હતાં. સામાવાળા તથા સામાવાળાના માતા–પિતા અરજદારને

ખુબ જ સારી રીતે રાખતાં હતાં. અરજદાર સામાવાળાના માતા–પિતાથી અલગમાં પોતાના રૂમમાં ખાવાનું ખાતાં. અરજદારને અલગ બેસી જમવાની ના કહેતાં સામાવાળા સાથે ઝઘડો કરતાં અને માતા–પિતાથી અલગ રહેવા દબાણ કરતાં અને સામાવાળા, સામાવાળાના માતા–પિતા તથા ભાઈ–ભાભી સાથે ઝઘડો કરતાં પરંતુ સામાવાળા ઘર સંસાર સારી રીતે ચાલે તે માટે અરજદારનો ત્રાસ સહન કરતાં હતાં.

વધુમાં જણાવેલ છે કે લગ્નના બે વર્ષ બાદ અરજદાર સગર્ભા થતાં સીમંતનો પ્રસંગ કરી અરજદારને તેણીના માતા–પિતા પ્રથમ ડિલીવરી માટે પિયર તેડી ગયેલા અને તે સમયે અરજદાર સીમંત પ્રસંગે આપેલ તમામ દર દાગીના તેમની સાથે પિયરમાં લઈ ગયેલા અને અરજદારને તેણીના કાકા તથા સંબંધીઓ તરફથી જે ૫ વર્ષની મુદતની ફીકસ ડિપોઝીટ આપેલ તે અરજદારના બેંક ખાતામાં જમા થયેલ છે. અરજદારના સીમંત પ્રસંગે તેણીને જે કરિયાવાર અને સોના–ચાંદીના દાગીના આપે તે હાલમાં અરજદાર પાસે છે. ત્યારબાદ અરજદારે પુત્રને જન્મ આપેલ જેથી સામાવાળા તથા સામાવાળાના માતા–પિતા તથા કુટુંબીજનો અરજદારના પિયર દીકરાને રમાડવા ગયેલા. અરજદાર સીમંત કર્યા બાદ તેમના માતા–પિતાને ત્યાં અઢી વર્ષ રોકાયેલા. ત્યારબાદ સામાવાળાના માતા–પિતા અરજદારને સાસરીમાં તેડી લાવેલ. સાસરીમાં આવ્યા બાદ અરજદાર ફરીથી સામાવાળાને તેના માતા–પિતાથી અલગ રહેવા માટે દબાણ કરવા લાગેલા. ત્યારબાદ અરજદારને પગમાં તકલીફ થતાં ૧ મહિનો મણિબેન આર્યુવેદ હોસ્પિટલ, અસારવા, અમદાવાદ ખાતે સારવાર માટે દાખલ કરેલ અને તેનો તમામ ખર્ચ સામાવાળાએ કરેલ.

વધુમાં જણાવેલ છે કે અરજદાર હોસ્પિટલમાં દાખલ થયેલ તે સમયે સામાવાળાની ભાભીને ડીલીવરી થયેલ અને આ સમયે અરજદારને કામ કરવું ના પડે તે માટે આરામ કરવાનું બહાનું કાઢી પિયરમાં જતાં રહેલા અને ચાર મહિના પિયરમાં રોકાઈ સાસરીમાં પરત આવેલા. સામાવાળાની મમ્મીની તબિયત સારી રહેતી ના હોય કામવાળી બાઈ કામ કરવા માટે રાખેલી. કામવાળી બાઈ કચરા પોતું વાસણ તથા કપડા ધોવાનું કામ કરી જતી.

અરજદારે માત્ર રસોઈ કરવાની રહેતી. અરજદાર માત્ર તેમની અને સામાવાળાની રસોઈ બનાવતાં, સામાવાળાના માતા–પિતાની રસોઈ બનાવવાની ના પાડતાં. સામાવાળા અરજદારને માતા–પિતાની રસોઈ બનાવવાનું કહેતાં તો અરજદાર તેઓની સાથે ઝઘડો કરતાં અને કહેતાં કે તમારા ભાઈ ભાભીને કહો તેઓ તેમની રસોઈ બનાવી જમાડે. સામાવાળા કહેતાં કે મારા માતા–પિતા મારી સાથે રહે છે તો તેમને કયાં મુકી આવું તો અરજદાર કહેતાં કે ઘરડા ઘરમાં મુકી આવો હું કામ નહીં કરું તેમજ આ કામના અરજદાર તેમના બાળકને દાદા–દાદી પાસે જવા દેતા ન હોતાં. બાળકો મોટું થતા સામાવાળાએ અરજદારને યુ.એન.મહેતા હોસ્પિટલમાં ટેકનીશીયન તરીકે જોબ અપાવેલ. નોકરી ચાલુ થયા પછી અરજદાર રજામાં પિયર જતાં રહેતાં. અરજદારે ઝઘડાઓ કરી હેરાન પરેશાન કરતાં સામાવાળાના ભાઈ ભાભી અલગ રહેવા ચાલ્યા ગયેલ. આ કામના અરજદાર ઘરમાં રસોઈ પણ કરતાં ન હતી અને ઝઘડો કરી પિયર જતા રહેલા. ત્યારબાદ અરજદારે મહિલા પોલીસ સ્ટેશનમાં સામાવાળા વિરુધ્ધ ફરિયાદ કરેલ જયાં સમાધાન કરી અરજદારને તેડી લાવેલા. અરજદારને સમાધાન કરી તેડી લાવ્યા બાદ પણ ઝઘડાઓ કરવાનું ચાલુ રાખેલ અને ધમકીઓ આપેલ કે અલગ રહેવા નહીં આવો તો જેલના સળિયા ગણાવીશ.

વધુમાં જણાવેલ છે કે આ કામના અરજદારે સામાવાળાના જીજાજીને દિવાળીના પ્રસંગે કપડા લઇ આપવા બાબતે ઝઘડો કરે આથી અજરદારના અતિશ્ચ ત્રાસના કારણે સામાવાળાએ ઘર છોડી દીધેલ. ઘર છોડી દીધા પછી સામાવાળા જયાં રહેતાં હતાં ત્યાં આવીને પણ ઝઘડો કરી ત્રાસ આપવાનું ચાલુ રાખતાં સામાવાળા ચાંદખેડા મુકામે રહેવા જતાં રહેલા. ચાંદખેડા મુકામે અરજદાર સામાવાળા સાથે રહેતા હતાં ત્યાં સામાવાળાની ગેરહાજરીમાં આવેલા અને સામાવાળા ના મળતાં સામાવાળાની બાઈકની સીટો ફાડી નાંખેલ અને આ બાબતે સી.સી.ટી.વી. ફુટેજ જોતાં અરજદારે સામાવાળાના બાઈકની સીટો ફાડી નાંખેલાની જાણ થયેલ. અરજદારે સામાવાળા તથા તેઓના માતા–પિતાને પરેશાન કરવા અરજીઓ કરેલ છે.

વધુમાં જણાવેલ છે કે સામાવાળા લેબ ટેકનીશીયન તરીકે યુ. એન. મહેતા હોસ્પિટલમાં નોકરી કરે છે અને માસિક રૂા.૨૫,૦૦૦/– કમાય છે. આ સિવાય તેઓની બીજી કોઇ આવક નથી. સામાવાળા મણિબેન હોસ્પિટલમાં નોકરી કરતાં હોવાની તથા મહિને ૫૦ થી ૬૦ હજાર કમાતા હોવાની હકીકત અરજદારે ખોટી જણાવેલ છે. સામાવાળા પર તેમના માતા–પિતાના ભરણપોષણની જવાબદારી રહેલ છે. અરજદાર પોતે પણ યુ. એન. મહેતા હોસ્પિટલમાં લેબ ટેકનીશિયન તરીકે નોકરી કરી મહિને રૂા.૨૫,૦૦૦/– કમાય છે. અરજદાર પોતે પોતાનું તથા પુત્રનું ભરણપોષણ કરવા શકિતમાન છે. પુત્ર જૈનમના  શિક્ષણ બાબતે આર.ટી.ઈ. હેઠળ સહાયતા મેળવે છે અને તેઓના ટ્રાન્સપોર્ટનો તથા ભરણપોષણનો ખર્ચ સામાવાળા ચુકવતાં આવેલ છે તથા તબીબી ખર્ચ માટે વીમો ઉતરાવેલ છે તેનું પ્રિમીયમ સામાવાળા ભરતાં આવેલ છે. અરજદાર હાલમાં જે મકાનમાં રહે છે તે સામાવાળાની માતાની માલિકીનું છે. સદર મકાનમાં અડધા ભાગમાં સામાવાળા અરજદાર સાથે રહેતાં હતાં અને અડધા ભાગમાં સામાવાળાના માતા–પિતા વસવાટ કરતાં હતાં પરંતુ અરજદારના ત્રાસથી સામાવાળા અલગ વસવાટ કરે છે. જયારે અરજદાર હાલમાં સામાવાળાના માતૃશ્રીના મકાનમાં રહે છે.

વધુમાં જણાવેલ છે કે અરજદારે તેમની અરજીમાં દહેજ માંગણી અંગેની હકીકત તથા મુખ્યમંત્રી આવાસ યોજનામાં નાણાં ભરવા ફિકસ ડિપોઝીટ તોડાવી નાણાં આપેલાની હકીકત ખોટી જણાવેલ છે. મુખ્યમંત્રી આવાસ યોજનમાં સામાવાળાએ પોતાના પદરના નાણાં રૂા. બે લાખ ભરેલા છે. અરજદાર વારંવાર અરજીઓ કરવા ટેવાયેલા છે. અરજદારને અપમાનિત કરેલ નથી કે શારીરિ તથા માનસિક ત્રાસ આપેલ નથી. અરજદારે તેમની અરજીમાં જણાવેલ બનાવો બનેલ નથી. સામાવાળાએ અરજદારને કાઢી મુકેલ નથી.

અરજદાર તરફે સામાવાળા નં.૧ની ઉલટતપાસ કરવામાં આવતાં <u>સામાવાળા નં.૧નાએ સ્વીકારેલ છે કે અરજદાર લગ્ન થયા બાદ તેઓના માતા–પિતા સાથે સંયુકત કુટુંબમાં ચુંવાળ નગર ખાતે આવેલ મકાનમાં રહેતાં હતાં.</u> એ હકીકતનો સ્વીકાર કરેલ છે ચુંવાળનગરવાળું મકાન ઉપર નીચે એમ બે માળનું

છે. ચુંવાળનગરવાળા મકાનમાં રસોડા સાથે પાંચ રૂમ છે અને તેઓ આ મકાનમાં તા.૧૬–૦૨–૨૦૧૦ થી તા.૧૯–૦૫–૨૦૧૯ સુધી સંયુકત કુટુંબ માં રહેતાં હતાં. અરજદાર તરફે સામાવાળાને તમે આ મકાનમાંથી પત્નિ રીનાબેન તથા પુત્ર જૈનમને કઈ તારીખે ઘર છોડીને નીકળી ગયા તેવા પુછેલ સવાલના જવાબમાં જણાવેલ છે કે ચોકકસ તારીખ યાદ નથી પરંતુ કોરોના સમય દરમ્યાન ૨૦૨૦ની સાલમાં ઘર છોડીને નીકળી ગયેલા. **એ હકીકતનો ઈનકાર કરેલ છે કે તેઓ તા.૩૧–૦૭–૨૦૨૧ના રોજ રૂચિતા નામની સ્ત્રી સાથે ગોમતીપુર ખાતે જમવા હોટલમાં ગયેલા.** **<u>એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તા.૦૧–૦૮–૨૦૨૧ના રોજ તેઓ તથા તેમની પત્નિ વચ્ચે મારા મારી થતાં શાહીબાગ પોલીસ સ્ટેશનમાં સામ સામી ફરિયાદ થયેલી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે મારા મારીનો બનાવ તેઓ તથા રૂચિતા સાથે હતાં તેથી બનેલો.</u>** સાહેદ જણાવે છે કે અરજદારના પરિવારના માતા–પિતા, ભાઈ–ભાભી, કાકાના દીકરા અને તેમના વહુ અને એક મામાનો દીકરો અને તેની પત્નિ મારા મારીમાં હતાં. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે સામ સામી ફરિયાદ માં સમાધાન થઈ ગયેલ છે. એ હકીકતનો ઈનકાર કરેલ છે કે તેઓએ તેમના પત્નિ અને દીકરાનો ત્યાગ રૂચિતાબેનના કારણે કરેલ છે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે અરજદાર અને તેઓનો દીકરો હાલ ચુંવાળનગરવાળા મકાનમાં રહે છે. **<u>એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેઓના પિતા આર.એમ.એસ. ડિપાર્ટમેન્ટમાં સરકારી નોકરી કરતાં હતાં અને હાલ નિવૃત્ત છે અને તેઓને પેન્શન આવે છે.</u>** તેઓના પિતાને કેટલું પેન્શન આવે છે તેની તેઓને ખબર નથી, તેઓએ કયારેય પુછયું નથી. <u>એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેઓ હાલમાં લેબ ટેકનીશિયન તરીકે યુ. એન. મહેતા હોસ્પિટલમાં કાર્ડિયોલોજી વિભાગમાં નોકરી છે અને તેઓએ આંક–૦૬થી મિલકત અને જવાબદારી અંગેના સોગંદનામામાં વર્ષ ૨૦૨૨માં તેમનો માસિક પગાર રૂા.૪૭,૯૫૫/– બતાવેલ છે.</u> એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે આંક–૦૬ના મિલકત અને જવાબદારી અંગેના સોગંદનામામાં મકાનની લોન ચાલુ છે તેવું બતાવેલ છે તેમાં કેટલો માસિક હપ્તો કપાય છે તે અંગે કોઈ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ છે કે કેમ તેની તેઓને ખબર નથી. હાલમાં તેઓનો પગાર

રૂ.૫૫,૦૦૦/– જેટલો હશે. તેઓ તેમની ફેબ્રુઆરી–૨૦૨૪ અને માર્ચ–૨૦૨૪ની પગાર સ્લીપ રજૂ કરી શકે. એ હકીકતનો ઈનકાર કરેલ છે કે મણિબેન હોસ્પિટલ તથા આંખની હોસ્પિટલમાં તથા અન્ય જગ્યાએ લેબ ટેકનીશિયન તરીકે પાર્ટ ટાઈમ જોબ કરે છે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે મણિબેન હોસ્પિટલ તરફથી તા.૨૦–૦૧–૨૦૦૮ના રોનજ પાર્ટ ટાઈમ ટેકનીશિયન તરીકેનું સર્ટીફિકેટ મળેલું. સાહેદ જણાવે છે કે તેઓએ મણિબેન હોસ્પિટલમાં એમ.એલ.ટી.નો કોર્ષ કરેલ છે. એ હકીકતનો ઈનકાર કરેલ છે કે ટ્રસ્ટની હોસ્પિટલમાં સ્ટાઈપેન્ડ મળતું હોય છે. સાહેદ જણાવે છે કે મણિબેન હોસ્પિટલ સેવા ટ્રસ્ટ છે આથી સ્ટાઈપેન્ડ આપતાં નથી. એ હકીકતનો ઈનકાર કરેલ છે કે હાલમાં તેઓ તથા તેમના માતા–પિતા અરજદાર વિરુધ્ધ મેધાણીનગર પોલીસ સ્ટેશનમાં ખોટી ખોટી અરજીઓ કરે છે. <u>સાહેદે જણાવેલ છે કે તેઓના માતા–પિતાનો સામાન અરજદારે ધાબા પર અને ઉપરના માળે અસ્ત વ્યસ્ત નાંખી દીધેલ તેથી તેઓના માતા–પિતાએ મેધાણીનગર પોલીસ સ્ટેશનમાં અરજી કરેલી.</u> એ હકીકતનો ઈનકાર કરેલ છે કે ખોટી અરજી/ફરિયાદ કરીને અરજદાર અને દીકરાને માનસિક ત્રાસ આપે છે. <u>સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે અરજદાર માનસિક ત્રાસ આપતાં હતાં અરજદાર તેઓના ઘરમાં રહે છે જો તેઓ માનસિક ત્રાસ આપતાં હોય તો ઘરમાં રહે નહીં અને ઘર છોડીને જતાં રહે.</u> આ સિવાય બચાવ પક્ષે પુછેલ સવાલોનો નકારમાં જવાબ આપેલ છે.

(૭.૭) બંને પક્ષે રજુ કરેલ પુરાવો અને દલીલો ધ્યાને લેતાં અરજદાર અને સામાવાળા નં.૧ નાએ તેમના સમાજના રીતરિવાજ મુજબ લગ્ન કરેલા અને લગ્ન બાદ અરજદાર સામાવાળાઓને ત્યાં સંયુકત કુટુંબમાં રહેવા ગયેલી અને આ લગ્ન જીવનથી અરજદારને એક પુત્ર જૈનમનો જન્મ થયેલ છે તે હકીકત નિંવિવાદિત છે. હવે રેકર્ડ પરના પુરાવા પરથી સામાવાળાઓએ અરજદાર સાથે "ઘરેલું હિંસા"ના કાયદાની કલમ–૩ મુજબ ઘરેલું હિંસા આચરેલ છે કે કેમ? તે અંગે પુરાવાનું મૂલ્યાંકન, ઘરેલું હિંસાના કાયદાનો હેતુ ધ્યાને લઈ કરવામાં આવે તો ઘરેલું હિંસાના કાયદાનો હેતુ ભોગ બનનાર સ્ત્રીને તેના કુટુંબ તરફથી આચરવામાં આવતી કોઈપણ જાતની હિંસાથી કે તેને લગત કોઈપણ બાબત

થી, બંધારણ દ્વારા તેઓને આપવામાં આવેલ હકકોનું વધુ સચોટ રીતે રક્ષણ કરવાનો છે. રેકર્ડ પરનો પુરાવો જોવામાં આવે તો અરજદારે રજૂ કરેલ તેમના આંક–૦૪ના પુરાવાના સોગંદનામામાંથી અન્ય સામાવાળાઓ અરજદાર વિરુધ્ધ સામાવાળા નં.૧ની ચઢવણી કરતાં સામાવાળા નં.૧ના તેમની ચઢવણીમાં આવી જઈ અરજદારને ગાળો બોલી અપમાનિત કરતાં હોય અરજદારે તે અંગે મફત કાનુની સહાય કેન્દ્રમાં અરજી આપેલ છે. તા.૦૧–૦૧–૨૦૧૮ના રોજ ઢોસા બનાવવા બાબતે જધડો થતાં અરજદારને ગાળો આપી ઘરમાંથી બહાર કાઢી મુકેલ હોય અને પિયરમાં તેડી ના જતાં અરજદારે સામાવાળા વિરુધ્ધ મહિલા પોલીસ સ્ટેશન, વસ્ત્રાપુરમાં ફરિયાદ આપેલ છે. તા.૧૬–૦૫–૨૦૨૦ના રોજ રસોઈ બાબતે ઝધડો કરી પિયર મોકલવાની ધમકી આપેલ. આથી, સામાવાળા નં.૧ અને અરજદારે ૧૦૦ નંબર પર ફોન કરી પોલીસ બોલાવેલ અને તે પછી બંને પોલીસ સ્ટેશન જવાબ લખાવવા ગયેલા. ત્યારબાદ સામાવાળા નં.૨ થી જનાએ સામાવાળા નં.૦૧ને ઘરમાંથી ભગાડી મુકેલ છે અને સામાવાળાએ તેમના આંક–૧૩ના સોગંદનામામાં પોતે ઘરેથી ભાગી ગયેલ હોવાનું જણાવે છે. અરજદાર તરફે સામાવાળાની ઉલટતપાસ કરતાં સામાવાળાએ **એ હકીકતનો ઈનકાર કરેલ છે કે તેઓ તા.૩૧–૦૭–૨૦૨૧ના રોજ રૂચિતા નામની સ્ત્રી સાથે ગોમતીપુર ખાતે જમવા હોટલમાં ગયેલા. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તા.૦૧–૦૮–૨૦૨૧ના રોજ તેઓ તથા તેમની પત્નિ વચ્ચે મારા મારી થતાં શાહીબાગ પોલીસ સ્ટેશનમાં સામ સામી ફરિયાદ થયેલી. આમ, અરજદાર અને સામાવાળાઓ અનેક વખતે પોલીસમાં એકબીજાની વિરુધ્ધ જે અરજીઓ આપેલ છે તે જોતાં તેઓના લગ્ન જીવનમાં સતત સંઘર્ષ ચાલતો હતો અને તેથી સામાવાળાઓ અરજદારને મારી નાંખવાની ધમકીઓ આપી ડરાવતાં હતાં તેમજ ભુવાઓને બોલાવી વિધી કરાવતાં હતાં જે હકીકત ધ્યાને લેતાં અરજદાર પર ઘરેલું હિંસા થતી હોવાનું માની શકાય તેમ** છે. સામાવાળાઓ તરફે કરવામાં આવેલ અરજદારની ઉલટતપાસ જોતાં તેમાંથી ઘરેલું હિંસા અંગે અરજદારની જુબાનીથી વિરુધ્ધની કોઇ હકીકત સામાવાળા દ્વારા રેકર્ડ પર લાવવામાં આવેલ નથી. સામાવાળાઓ તરફે સામાવાળા નં.૧નું આંક–૧૩થી

સરતપાસનું સોગંદનામું રજૂ કરેલ છે તે જોતાં સામાવાળાઓ તરફે અરજદાર જયારે સંયુકત કુટુંબમાં રહેતાં હતાં ત્યારે સામાવાળાના માતા–પિતાથી અલગ રૂમમાં પોતાનું જમવાનું લઈ જમતા હતાં અને અરજદારને સાથે જમવાનું કહેતાં ઝધડો કરેલ તેમજ સામાવાળાની ભાભીની ડિલીવરી થયેલ તે સમયે અરજદાર આરામ કાઢવાનું બહાનું કાઢી ચાર માસ પિયર જતાં રહેલ અને સામાવાળાના ઘરે અરજદારને રસોઈ બનાવવા સિવાય બીજું કોઈ કામ ન હોવા છતાં અરજદાર સામાવાળાન માતા–પિતાની રસોઈ બનાવવાની ના પાડી ઝધડો કરતાં અને સામાવાળા અરજથી અલગ ચાંદખેડા મુકામે રહેવા જતાં રહેલ ત્યારે અરજદાર સામાવાળાના ચાંદખેડાના ઘરે આવેલા અને સામાવાળા ના મળતાં અરજદારે સામાવાળાની બાઈકની સીટ ફાડી નાંખેલ તેમજ અરજદારના ત્રાસના કારણે સામાવાળાના માતા–પિતાને તેઓની માલિકીનું મકાન છોડી દઈ સામાવાળા સાથે અલગ રહેવાની ફરજ પડેલ છે અને અરજદાર હાલ સામાવાળાના માતા–પિતાની માલિકીના મકાનમાં રહે છે તે મકાન પોતાના નામે કરાવી લેવા અને તે મકાનના અડધા હિસ્સાનું ભાડું પોતે મેળવે તેવું અરજદાર ઈચ્છતાં હોય તેમની તેવી ઈચ્છા મુજબ કરાવવા માટે હાલની ખોટી અરજી દાખલ કરેલ છે તેવો બચાવ લીધેલ છે તે માની શકાય તેમ નથી. અરજદારે જણાવેલ હકીકતોનું ખંડન કરવા કોઈ વિશેષ હકીકતો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી ત્યારે સામાવાળાના ત્રાસને કારણે અરજદારને હાલની ફરિયાદ કરવાની જરૂર પડેલ હોય તેમ માની શકાય તેમ છે. અરજદાર અને સામાવાળા એક જ ઘરમાં એક છત નીચે રહેતાં ત્યારે અરજદાર ને મેણાટોણા મારી તેમજ મારઝુડ કરી શારીરિક માનસિક ત્રાસ આપી અનેકવાર કાઢી મુકેલ છે. વધુમાં ઘરેલું હિંસાના કાયદા તળેની અરજીમાં અરજદારે ભારતીય દંડ સંહિતાની કલમ ૪૯૮(ક)માં જણાવ્યા મુજબનો ત્રાસ તેઓને હોવાનું સાબિત કરવાની જરૂર નથી ત્યારે અરજદારની આંક–૦૪ની જુબની તથા આંક–૦૧ની અરજી તથા અરજી અનુસંધાને પ્રોટેકશન ઓફિસર દ્વારા કરવામાં આવેલ રીપોર્ટ તથા ઘરેલું હિંસાના કાયદાની કલમ–૩ ધ્યાને લેતાં ઉપરોકત ચર્ચા કર્યા અનુાર આ કામના સામાવાળાઓએ તેમના કૃત્ય, કાર્યલોપ અને વર્તન, વ્યવહાર દ્વારા અરજદાર સાથે શારીરિક, જાતીય, મૌખિક તથા આર્થિક દુર્વ્યવહાર કરેલ

હોવાનું અને આ કાયદાની કલમ–૩ મુજબની ઘરેલું હિંસા આચરેલ હોવાનું સ્પષ્ટ થાય છે. આમ, સામાવાળાઓ દ્વારા અવાર નવાર ઝધડાઓ કરી શારીરિક માનસિક ત્રાસ આપી અરજદારને ઘરમાંથી કાઢી મુકેલ છે તે અરજદાર પ્રત્યે કુરતા આચરેલાનું જ કહેવાય જેથી મુદ્દા નં.૧નો જવાબ અંશત: હકારમાં ઠરાવવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૨ :–</u>**

(૮.૦) શું અરજદાર સામાવાળા વિરુધ્ધ કૌટુંબિક હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનિયમ, ૨૦૦૫ની કલમ–૧૮ હેઠળ રક્ષણના હુકમ મેળવવા હક્કદાર છે તે અંગે ચર્ચા કરવામાં આવે તો ઘરેલું હિંસા અધિનિયમ કલમ–૧૮માં જણાવેલ છે કે............

**<u>કલમ–૧૮:રક્ષણના હુકમો:–</u>**

ભોગ બનેલ વ્યકિત અને પ્રતિવાદીને સાંભળવાની તક આપ્યા પછી અને પ્રથમ ર્દષ્ટીએ સંતુષ્ટ થાય કે કૌટુંબિક હિંસા થઇ છે અથવા સંભવિત પણ થવાની હોય ત્યારે ન્યાયધીશ ભોગ બનેલ વ્યકિતની તરફેણમાં હુકમ કરી શકે અને પ્રતિવાદીને નીચેના કૃત્યો કરવા પ્રતિબંધ મુકે છે.

(ક) કૌટુંબિક હિંસાનું કૃત્ય કરતા,
(ખ) કૌટુંબિક હિંસાના કૃત્યોમાં મદદ કરતા,
(ગ) ભોગ બનેલ વ્યકિતના નોકરીને સ્થળે પ્રવેશ કરતા અથવા જો ભોગ બનેલ વ્યકિત બાળક હોય તો તેની સ્કુલે અથવા અન્ય સ્થળે જયાં ભોગ બનેલ વ્યકિત વારંવાર જતી હોય,
(ઘ) ભોગ બનેલ વ્યકિત સાથે કોઇ પણ સ્વરૂપે, જે કંઈ હોય તે, વ્યકિતગત, મૌખિક કે લેખિત અથવા ઈલેકટ્રોનિક અથવા ટેલિફોનના સંપર્કથી, સંપર્ક કરવાનો પ્રયત્ન કરતા,
(ચ) ન્યાયધીશની પરવાનગી વગર, કોઇ મિલકતોને અલગ કરતા, બંને પક્ષકારો દ્વારા સંયુકત રીતે ભોગ બનેલ વ્યકિત અને પ્રતિવાદી દ્વારા અથવા પ્રતિવાદી દ્વારા એકલા ઉપયોગ કરવામાં આવતાં અથવા ધરાવતાં અથવા ભોગવતાં બેંક ખાતાઓ કે બેંક લોકરો વાપરતા, જેમાં તેનું સ્ત્રીધન અથવા અન્ય સંપત્તિ જે પક્ષકારો સંયુકત રીતે કે અલગ રીતે ધરાવતાં હોય,
(છ) આશ્રિતો, અન્ય સંબંધિઓ અથવા કોઇ વ્યકિત કે જેમણે ભોગ બનેલ વ્યકિતને કૌટુંબિક હિંસામાંથી બચાવવા મદદ કરી હોય, તેઓને હિંસા કરતા,
(જ) રક્ષણના હુકમમાં જણાવ્યા મુજબ બીજું અન્ય કૃત્ય કરતાં,

(૮.૧) સદરહુ મુદ્દો પુરવાર કરવાની જવાબદારી અરજદારના શીરે છે, હવે સદરહુ કલમની શરૂઆત મુજબ સદરહુ રક્ષણનો હુકમ કરતાં અગાઉ ભોગ બનેલ વ્યકિત અર્થાત હાલના કેસમાં અરજદાર અને પ્રતિવાદી અર્થાત સામાવાળાને સાંભળવાની તક આપ્યા પછી કોઇ પણ હુકમ કરી શકાય જે મુજબ પ્રસ્તુત કેસમાં બંને પક્ષકારોને સાંભળવાની તક આપેલ છે તથા ઉપરોકત કલમમાં એવી પણ જોગવાઈ છે કે પ્રથમ ર્દષ્ટીએ એવી સંતુષ્ટતા અથવા સંભવિતતા હોય તો પણ એવો હુકમ થઈ શકે. પ્રસ્તુત કેસમાં મુદ્દા નં.૧માં ચર્ચા કર્યા મુજબ અરજદારને કૌટુંબિક હિંસા આચરવામાં આવેલ છે તેવું અંશત: માનવામાં આવેલ છે ત્યારે સામાવાળાઓએ અરજદારને ઘરેલું હિંસા આચરવી નહીં તેવો હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચિત જણાય છે.

(૯.૦) શું અરજદાર સામાવાવાળા વિરુધ્ધ કૌટુંબિક હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનિયમ, ૨૦૦૫ની કલમ–૧૯ હેઠળ રહેઠાણના હુકમ મેળવવા હક્કદાર છે તે અંગે ચર્ચા કરવામાં આવે તો ઘરેલું હિંસા અધિનિયમ કલમ–૧૯માં જણાવેલ છે કે......

<u>કલમ–૧૯ રહેઠાણના હુકમો:–</u>

(૧) કલમ–૧૨ની પેટા કલમ–(૧) હેઠળ અરજીનો નિકાલ કરતી વખતે, ન્યાયધીશ સંતુષ્ઠ થઇનેકે કૌટુંબિક હિંસા થઇ છે, રહેઠાણનો હુકમ કરી શકે છે.

(ક) પ્રતિવાદીને કોઇપણ રીતે ભોગ બનેલ વ્યકિતને હિસ્સા પાડેલ ઘરબારમાંથી દુર કરવામાંથી અથવા તેણીના કબજા પર તરાપ મારવામાંથી તેને રોકીને, પછી પ્રતિવાદીને હિસ્સા પાડેલ ઘરબારમાં કાનુની કે સમાન હિત હોય કે ન હોય,

(ખ) પ્રતિવાદીને પોતાને હિસ્સા પાડેલ ઘરબારમાંથી દુર કરવાનો નિર્દેશ કરીને,

(ગ) પ્રતિવાદી કે તેના કોઇ સંબંધિઓને હિસ્સા પાડેલ ઘરબારના કોઇ ભાગમાં, જેમાં ભોગ બનેલ વ્યકિત રહેતી હોય, પ્રવેશ કરતાં રોકીને,

(ઘ) પ્રતિવાદીને હિસ્સા પાડેલ ઘરબારનો કબજો દુર કરવામાંથી અથવા અલગ કરવામાંથી અથવા તેને અવરોધ કરવામાંથી રોકીને,

(ચ) પ્રતિવાદીને, ન્યાયધીશની પરવાનગી સિવાય, હિસ્સા પાડેલ ઘરબારમાં તેના અધિકારો જતાં કરવામાંથી

રોકીને,

(છ) જો સંજોગોને જરૂર પડે તો ભોગ બનેલ વ્યકિત માટે વૈકલ્પિક રહેઠાણ જે તે હિસ્સા પાડેલ ઘરબારમાં ભોગવતીનું એક જ સ્તર મેળવવા અને તેનું ભાડું ચુકવવા પ્રતિવાદીને નિર્દેશ કરીને: એવી શરતથી કે જો કલોઝ–(બી) હેઠળ કોઇ હુકમ કોઇ વ્યકિત કે જે સ્ત્રી હોયની વિરુધ્ધ થયેલ ન હોય.

(૨) ન્યાયધીશ કોઈપણ વધારાની શરતો મુકી શકે છે અથવા બીજા અન્ય નિર્દેશ આપી શકે છે કે જે તેને વાજબી રીતે ભોગ બનેલ વ્યકિત કે તેના બાળકને રક્ષણ કરવા અથવા સલામતી પુરી પાડવા જરૂર લાગે:

(૩) કૌટુંબિક હિંસાના કૃત્યને રોકવા માટે, ન્યાયધીશને પ્રતિવાદી પાસે જામીનગીરી સાથે કે વગર જામીનગીરી કરાવવાની જરૂર પડી શકે છે.

(૪) પેટા કલમ–(૩) હેઠળના હુકમને સી.આર.પી.સી. (૧૯૭૪ની)ના પ્રકરણ–૮ હેઠળના હુકમ હોવાનું માનવામાં આવશે અને એ જ રીતે તેની સાથે વ્યવહાર કરવામાં આવશે.

(૫) પેટા કલમ–(૧), પેટા કલમ–(૨) કે પેટા કલમ–(૩) હેઠળ હુકમ કરતી વખતે અદાલત નજીકના પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારીને ભોગ બનેલ વ્યકિતને રક્ષણ આપવા અથવા તેણીને અથવા હુકમના પાલનમાં તેના વતી અરજી કરનાર વ્યકિતને મદદ કરવા નિર્દેશ કરતો હુકમ પણ કરી શકે છે.

(૬) પેટા કલમ–(૧) હેઠળ હુકમ કરતી વખતે પક્ષકારોની નાણાંકિય જરૂરીયાતો અને સ્ત્રોતોની બાબતે, ભાડાની ચુકવણી અને અન્ય ચુકવણા સંબંધિત ફરજો ન્યાયધીશ પ્રતિવાદી પર લાદી શકે છે.

(૭) ન્યાયધીશ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારીને રક્ષણના હુકમના પાલનમાં મદદ કરવા નિર્દેશ કરી શકે છે–જેના હકુમતમાં ન્યાયધીશ પાસે ગયા હોય.

(૮) ન્યાયધીશ પ્રતિવાદીને ભોગ બનેલ વ્યકિતને તેના સ્ત્રીધન કે અન્ય સંપત્તિ કે કિંમતી જામીનગીરી કે જેની તે હક્કદાર છે, નો કબજો તેને પરત આપવા નિર્દેશ કરી શકે છે.

**(૯.૧)** આ કામે પડેલો પુરાવો ધ્યાને લેતાં, આ મુદ્દો પુરવાર કરવાનો બોજો અરજદારના શિરે છે જે ધ્યાને લેતાં બંને પક્ષે પડેલા પુરાવાથી અરજદાર લગ્ન થયા બાદ સામાવાળાઓને ત્યાં સંયુકત કુટુંબમાં રહેતી હોવાનું બહાર આવેલ છે પરંતુ તે સામાવાળાની માલિકીનું મકાન હતું કે આ મકાનના હિસ્સા પડી ગયેલ તે પૈકીના હિસ્સા કે ભાગમાં અરજદારનો સ્વતંત્ર કબજો હતો અને તે ભાગમાં પ્રવેશતા સામાવાળાઓએ અટકાવેલા હોય તેવું રેકર્ડ પર આવેલ નથી કે તે અંગે

સામાવાળાની માલિકીના હોવા અંગે કોઈ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ નથી. બંને પક્ષકારોના પ્લીડિંગ્સ તથા જુબાની ધ્યાને લેતાં <u>અરજદાર હાલ અરજીમાં જણાવેલ ટી/૪, ચુંવાળનગર, વિભાગ–૨, ગ્રાઉન્ડ ફ્લોર, ભાર્ગવ રોડ, મેઘાણીનગર, અમદાવાદ ખાતેના મકાનમાં રહે છે તે સામાવાળાના માતા–પિતાની સ્વાપાર્જિત મિલકત છે. સદર મકાનના બે હિસ્સામાંથી ગ્રાઉન્ડના ભાગમાં અરજદાર તેના પુત્ર સાથે વસવાટ કરે છે.</u> <u>આ કામના સામાવાળા તથા તેમના માતા–પિતા ચાંદખેડા મુકામે મુખ્યમંત્રી આવાસ યોજનાના સામાવાળાની માલિકીની મકાનમાં રહે છે.</u> સામાવાળા જે પ્રકારની સુખ સુવિધા વાળા મકાનમાં રહેતાં હોય તેટલા જ પ્રકારની સુખી સુવિધાવાળા મકાનમાં રહેવાનો અરજદારને હકક અને અધિકાર છે. આ કામે સામાવાળા તરફે અરજદારે સામાવાળા વિરુધ્ધ નામદાર ફેમીલી કોર્ટ,અમદાવાદમાં ફેમિલી સ્યુટ નં.૨૦૬૯/૨૦૨૧ દાખલ કરેલ તેની આંક–૦૫ની અરજી અને તે લગત થયેલ હુકમ રજૂ કરેલ છે. ફેમિલી સ્યુટ નં.૨૦૬૯/૨૦૨૧ના કામે આંક–૦૫થી અરજદારે તેણી હાલ જે મકાનમાં રહે છે તે મકાનનો કબજો સામાવાળા જાતે કે અન્ય મારફતે પડાવી લે નહીં કે અન્ય કોઇ વ્યકિત વેચાણ, ગીરો કે બક્ષીસ કરી આપે દે નહીં કે કોઈ અને મકાન જે તે સ્થિતિમાં રાખે તે પ્રકારનો કામચલાઉ મનાઈ હુકમ મેળવવાની દાદ માંગે છે. અરજદારની તે અરજી નામદાર ફેમિલી કોર્ટે નામંજુર કરેલ છે અને વધુમાં એવો હુકમ કરેલ છે કે સામાવાળા પતિએ અરજદાર સામે સમાન કક્ષાના આવાસની વ્યવસ્થા કરવી અથવા તે પ્રમાણેનું મકાનનું બજાર ભાડું સામાવાળાએ ચુકવી આપવું અને જયાં સુધી સામાવાળા તે પ્રમાણે વર્તે નહીં ત્યાં સુધી અરજદાર હાલ જે મકાનમાં રહે છે તે મકાનમાં રહી શકશે અને સામાવાળા તે મુજબ વર્તેથી અરજદારે સદર મકાનનો કબજો એક અઠવાડિયામાં તેઓના સાસુને સોંપી દેવાનો રહેશે. આમ નામદાર ફેમીલી કોર્ટ નો હુકમ વંચાણે લેતા તેમાં સામાવાળા પતિએ અરજદાર સામે સમાન કક્ષાના આવાસની વ્યવસ્થા કરવી અથવા તે પ્રમાણેનું મકાનનું બજાર ભાડું સામાવાળાએ ચુકવી આપવું અને જયાં સુધી સામાવાળા તે પ્રમાણે વર્તે નહીં ત્યાં સુધી અરજદાર હાલ જે મકાનમાં રહે છે તે મકાનમાં રહી શકશે તેવો હુકમ કરેલ છે. જેથી હાલના કેસ

માં અરજદાર કોઈ મકાન ભાડુ ચુકવતા હોય તેવો કોઈ પુરાવો રજુ થયેલ ન હોય મકાન ભાડા અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

**(૧૦.૦)** શું અરજદાર સામવાળા વિરુધ્ધ કૌટુંબિક હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનિયમ, ૨૦૦૫ની કલમ–૨૦ હેઠળ નાણાંકિય રાહતના હુકમ મેળવવા હકકદાર છે તે અંગે ચર્ચા કરવામાં આવે તો ઘરેલું હિંસા અધિનિયમ કલમ–૨૦માં જણાવેલ છે કે......

<u>**કલમ–૨૦ નાણાંકિય રાહતો:–**</u>

**(૧)** કલમ–૧૨ની પેટા કલમ–(૧) હેઠળ અરજીનો નિકાલ કરતી વખતે, ન્યાયધીશ પ્રતિવાદીને ભોગ બનેલ વ્યકિતને અને તેના બાળકને કૌટુંબિક હિંસાને લીધે થયેલ નુકસાન અને ખર્ચાને પહોંચી વળવા નાણાંકીય રાહત આપવા નિર્દેશ કરી શકે છે અને આવી રાહતમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે, પરંતુ ૧૯૭ને મર્યાદિત નથી.

(ક) કમાણીનું નુકસાન,

(ખ) દવાા ખર્ચાઓ,

(ગ) ભોગ બનેલ વ્યકિતના અંકુશમાંથી કોઈ સંપત્તિને દુર કરવાથી અથવા નુકસાન કરવાથી અથવા વિનાશ કરવાથી થયેલ નુકસાન

(ઘ) ભોગ બનેલ વ્યકિત તેમજ તેના બાળકો, જો હોય તો માટે ભરણપોષણ સાથે–સાથે સી.આર.પી.સી. (૧૯૭૪ની ૨) ની કલમ–૧૨૫ અને જે તે સમયે અમલમાં હોય તેવા અન્ય કાયદા હેઠળ ભરણપોષણના હુકમના વધારામાં કરેલ હુકમ સહિત

(૨) આ કલમ હેઠળ અપાયેલ નાણાંકિય રાહત પુરતી, યોગ્ય અને વાજબી હશે તેમજ જે જીવન–ધોરણથી ભોગ બનેલ વ્યકિત ટેવાયેલ હોય તે જીવન–ધોરણ સાથે સુસંગત હશે.

(૩) કેસનો પ્રકાર અને સંજોગોને જરૂર લાગે તેમ, ન્યાયધીશને યોગ્ય ઉચ્ચક ચુકવણી અથવા ભરણપોષણના માસિક ચુકવણાનો હુકમ કરવાની સત્તા હશે.

(૪) ન્યાયધીશ પેટા કલમ–(૧) હેઠળ કરેલ નાણાંકિય રાહતના હુકમની નકલ અરજીના પક્ષકારોને અને પોલીસ સ્ટેશન ઈન્ચાર્જ અધિકારીને કે જેના હકુમતની સ્થાનિક મર્યાદાની અંદર પ્રતિવાદી રહેતો હોય, મોકલશે.

(૫) પ્રતિવાદી ભોગ બનેલ વ્યકિતને મંજુર થયેલ નાણાંકિય રાહત પેટા કલમ–(૧) હેઠળના હુકમમાં સૂચવ્યા મુજબના સમયગાળાની અંદર ચુકવશે.

(૬) પેટા કલમ–(૧) હેઠળના હુકમની શરતો અનુસાર ભોગ બનેલ

વ્યકિત તરફથી ચુકવણા કરવામાં નિષ્ફળ જતાં, ન્યાયધીશ પ્રતિવાદીના માલિક કે દેવાદારને પ્રત્યક્ષ રીતે ભોગ બનેલ વ્યકિતને ચુકવવા અથવા વેતન કે પગાર કે બાકી દેવું અથવા પ્રતિવાદીના વધેલ સિલકને અદાલતમાં જમા કરવાનો નિર્દેશ કરી શકે છે, જે રકમને પ્રતિવાદી દ્વારા ચુકવવા પાત્ર થતી નાણાંકિય રાહત સાથે મજરે કરી શકાય છે.

(૧૦.૧) આ કામે પડેલો પુરાવો ધ્યાને લેતાં, આ મુદ્દો પુરવાર કરવાનો બોજો અજરદારને શીરે છે જે ધ્યાને લેતાં કૌટુંબિક હિંસાને કારણે અરજદારને થયેલ નુકસાન અને ખર્ચને પહોંચી વળવા અંગે છે જેથી તે ધ્યાને લેતાં, બંને પક્ષે પડેલા પુરાવાઓથી અજરદાર લગ્ન થયા બાદ સામાવાળાને ત્યાં રહેવા ગયેલ પરંતુ તે પહેલા કે તે પછી પોતે નોકરી કરતી હોય તે કરતા સામાવાળાએ અટકાવેલ હોય અગરતો સામાવાળાની ઘરેલું હિંસાને કારણે તેઓને ઈજા થયેલ હોય તેની સારવાર લીધેલ હોય તે અંગે સારવાર લીધેલાનો બીલો રજુ કરેલ નથી જેથી અરજદારને તબીબી ખર્ચ થયા અંગે લેશમાત્ર કોઈ હકીકત પુરવાર થયેલ નથી તેમજ તેના કબજામાં હોય તેવી સંપત્તિ મિલકતને નુકસાન પહોંચાડેલ હોય તેવો અરજદારનો કેસ નથી. હવે આ કામે રેકર્ડ પરની હકીકતો ધ્યાને લેવામાં આવે તો અરજદારના જણાવ્યા મુજબ સામાવાળાએ અરજદાર અને બાળકનો તા.૨૭–૦૫–૨૦૨૦ના રોજથી ત્યાગ કર્યા બાદ અરજદાર અને બાળકની કોઈ જવાબદારી લીધેલ નથી. અરજદારના વિ.વ.શ્રી દલીલ મુજબ અરજી કરેલ તે સમયે સામાવાળા નં.૧ના યુ.એન. મહેતા અને મણિબેન આંખની હોસ્પિટલમાં તથા અન્ય જગ્યાએ લેબ ટેકનીશયન તથા કન્સલ્ટીંગનું કામ કરી રૂા.૫૦–૬૦ હજારની માસિક આવક કમાતા હતાં પરંતુ તેઓના પગારમાં તથા કન્સલ્ટીંગ ચાર્જમાં ઉત્તરોતર વધારો થયેલ હોય હાલ સામાવાળા નં.૧ની માસિક આવક રૂા.૮૦,૦૦૦/–ની આસપાસ થાય છે. અરજદાર તરફે સામાવાળાના નોકરીદાતાને સોંગદ પર તપાસી સામાવાળાની ચોકકસ આવક અંગે કોઈ પુરાવો રેકર્ડ પર લાવવાનો પ્રયાસ કરવામાં આવેલ નથી અને સામાવળાની માસિક આવક રૂા.૮૦,૦૦૦/– હોવાનું પુરવાથી બતાવી શકેલ નથી. સામાવાળા તરફે અરજદાર પણ યુ.એન.મહેતા હોસ્પિટલમાં લેબ ટેકનીશિયન તરીકે નોકરી હાલ માસિક રૂા.૨૯,૦૦૦/–કમાતા હોવાની

રજુઆત અરજદારના બેંક ખાતાનો લેઝરનો ઉતારો રજૂ કરેલ છે. અરજદારે આંક–૦૭થી નામદાર સુપ્રિમ કોર્ટના રજનેશ વિરુધ્ધ નેહાના ચુકાદામાં જણાવ્યા મુજબનું આવક અને જવાબદારી અંગેનું સોગંદનામું રજૂ કરેલ છે તેમાં અરજદાર પોતે યુ.એન.મહેતા હોસ્પિટલમાં લેબ ટેકનીશિયનના હોદ્ધા પર નોકરી કરી માસિક રૂા.૧૯,૦૦૦/–નો પગાર મેળવતી હોવાનું બતાવેલ છે. આ સોગંદનામુ તા.૨૦–૦૪–૨૦૨૨ ના રોજ કરવામાં આવેલ છે. સામાવાળા તરફે રજૂઆત કરવામાં આવેલ છે કે યુ.એન. મહેતા હોસ્પિટલ અર્ધસરકારી સંસ્થા છે અને દર વર્ષ ૧૦ ટકા ઈન્ક્રીમેન્ટ આપવામાં આવતું હોય હાલમાં અરજદારનો માસિક પગાર રૂા.૨૯,૦૦૦/–મેળવે છે. <u>હવે, સામાવાળા તરફે માર્ક ૧૭/૦૧થી અરજદારના બેંક ખાતાનો લેઝરનો ઉતારો વંચાણે લેવામાં આવે તો તેમાં અરજદારના બેંક ખાતામાં મહેનતાણા પેટે રૂા.૨૬,૦૪૫/– દર માસે જમા થતાં હોવાનું જણાઈ આવે છે.</u> વધુમાં અરજદારે આંક–૦૭થી રજૂ કરેલ સોગંદનામું ધ્યાને લેતાં તેમાં પણ અરજદારે પોતે નોકરી કરતી હોવાનું જણાવેલ છે. પુત્ર જૈનમ હાલ તેની માતા એટલે કે અરજદાર સાથે રહે છે. અરજદારે જૈનમની સ્કુલ ફીની રીસીપ્ટ રજૂ કરેલ છે અને સામાવાળાએ ચેકથી આ સ્કુલ ફી ભરી આપેલ હોવાનું જણાવેલ છે જે રીસીપ્ટ જોતાં તા.૨૮ મે ૨૦૧૮ની છે અને ચેકથી રૂા.૩૩,૦૦૦/–ની સ્કુલ એકટીવી અને ટ્રાન્સપોર્ટેશન ફી ભરેલ હોવાનું જણાય છે. સામાવાળા તરફે રજૂઆત છે કે તેઓ પુત્ર જૈનમને આર.ટી.ઈ. હેઠળ શાળામાં પ્રવેશ મળેલ છે અને તેના ભરણપોષણ અને ટ્રાન્સપોર્ટનો ખર્ચ સામાવાળા ઉઠાવે છે અને જૈનમનો મેડિકલેઈમ કરાવેલ છે અને તેનું પ્રિમીયમ સામાવાળા ભરે છે. સામાવાળાએ તેમના પુત્રના ભરણપોષણ અને ટ્રાન્સપોર્ટ ખર્ચ ચુકવી આપતાં હોય કે મેડિકલેઈમનું પ્રિમીયમ ભરતાં હોય તેવો દસ્તાવેજી આધાર મુકેલ નથી. સામાવાળાએ તેમના આંક–૧૩ના સરતપાસના સોગંદનામામાં પોતે યુ.એન. મહેતા હોસ્પિટલમાં લેબ ટેકનીશિયન તરીકે નોકરી કરી માસિક રૂા.૨૫,૦૦૦/ કમાય છે અને તેઓના પર તેમના માતા–પિતાની જવાબદારી રહેલ છે તેવું જણાવેલ છે. પરંતુ આ કામે સામાવાળાની ઉલટતપાસ ધ્યાને લેતા સામાવાળા ના પિતા નિવૃત કર્મચારી છે અને તેઓને પેન્શન આવે છે તેવું સામાવાળા એ

કબુલ કરેલ છે. આમ સામાવાળા નંબર ૧ પર તેઓના માતા–પિતા ની સંપુર્ણ જવાબદારી હોવાનું ફલીત થતુ નથી. સામાવાળાના વિ.વ.શ્રીએ દલીલમાં જણાવેલ છે કે સામાવાળાએ મુખ્યમંત્રી આવાસ યોજનામાં જે મકાન લીધેલ છે તેનો ઈ.એમ.આઇ. સામાવાળા ચુકવે છે તેમજ સામાવાળા પર તેમના વૃધ્ધ માતા પિતાની જવાબદારી છે. અરજદારના વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે સામાવાળાના પિતા પોસ્ટ ખાતામાં રીટાર્યડ થયેલ છે અને તેઓનું પેન્શન આવે છે. અરજદાર પક્ષે સામાવાળાની ઉલટતપાસ કરેલ છે તે ધ્યાને લેતાં સામાવાળાએ તેમની ઉલટતપાસમાં પોતાનો પગાર રૂા.૫૫,૦૦૦/– જેટલો હશે તેવું જણાવેલ છે. વધુમાં સામાવાળાએ ઉલટતપસામાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેઓના પિતા આર.એમ.એસ. ડિપાર્ટમેન્ટમાં સરકારી નોકરી કરતાં હતાં અને હાલ નિવૃત્ત છે અને તેઓને પેન્શન આવે છે. આ કામે સામાવાળા તરફે આંક–૧૯/૧ થી માર્ચ–૨૦૨૫ ની યુ.એન. મહેતા ઇન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર , અમદાવાદ ની પગાર સ્લીપ રજુ કરેલ છે અને જેમાં સામાવાળા નો કપાત બાદ નો ચૌખ્ખો પગાર માસીક રૂા.૬૧,૮૪૦/– હોવાનું જણાવેલ છે. સામાવાળા ફોર વ્હીલર અને ટુ–વ્હીલર વાહનો ધરાવતાં હોવાનું રેકર્ડ પર આવેલ છે. સામાવાળા જે પ્રકારનું જીવનશૈલીથી જીવે છે અને જે પ્રકારની સુખ સુવિધાનો ઉપભોગ કરે છે તેટલી સુખ સુવિધાસભર જીવન જીવવા અરજદાર પણ હકકદાર છે. આ કામે અરજદાર પણ યુ.એન. મહેતા ઇન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ માં લેબ ટેકનીશીયન તરીકે નોકરી કરે છે અને માસીક રૂા.૨૬૦૪૫/– ચૌખ્ખી આવક મેળવતા હોવાનું રેકર્ડ પર આવેલ છે. વધુમાં સામાવાળા તરફે આંક–૨૦/૧ થી નામદાર ફેમીલી કોર્ટ ના ફેમીલી સ્યુટ નંબર ૧૭૭૦/૨૦૨૦ નો ચુકાદો રજુ કરી એવી રજુઆત કરેલ છે કે આ કામે નામદાર ફેમીલી કોર્ટે તા.૧૫–૦૨–૨૦૨૫ ના રોજ સામાવાળા નંબર ૧ ની છુટાછેડા ની અરજી મંજુર કરેલ છે. આમ અરજદાર અને સામાવાળા નંબર ૧ ના છુટાછેડા થઇ ગયેલ હોવાની રજુઆત છે.

આ કામે નામદાર સુપ્રીમ કોર્ટ ના in the case of Juveria

Abdul Majid Patni vs. Atif Iqbal Mansoori and Another reported in LNIND 2014 SC 835, in paragraph 31, has observed that,"An act of domestic violence once committed, subsequent decree of divorce will not absolve the liability of the respondent from the offence committed or to deny the benefit to which the aggrieved person is entitled under the Domestic Violence Act, 2005 including monetary relief under Section 20, Child Custody under Section 21, Compensation under Section 22 and interim or ex-parte order under Section 23 of the Domestic Violence Act, 2005."

આ કામે નામદાર બોમ્બે હાઈકોર્ટ ના ચુકાદા Gajanan V/s. Surekha in CRIMINAL REVISION APPLICATION NO. 290 OF 2018 decided on DATED : JANUARY 24, 2023, wherein it is held in para - 18 that, 18. As far as the effect of subsequent legal and valid divorce is concerned, after or during the pendency of D.V Act is concerned, the said issue was dealt with by the Hon'ble Apex Court in the case of V D. Bhanot Vs. Savita Bhanot, (2012) 3 SCC 183, which was subsequently followed in the case of Juveria Abdul (cited supra). The Hon'ble Supreme Court laid down the Law that where an act of domestic violence is once committed then subsequent decree of divorce will not absolved the liability of the respondent from the offence

<u>committed or deny the benefit to which the aggrieved person is entitled to.</u>

આમ ઉપરોકત બંને ચુકાદા માં નામદાર સુપ્રીમ કોર્ટ ના ચુકાદા માં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત નો ઉલ્લેખ કરી એવું પ્રસ્થાપિત કરેલ છેકે, A woman is entitled to maintenance under provisions of the Protection of Women from Domestic Violence Act (DV Act) even after divorce.

આમ સામાવાળા દવારા નામદાર ફેમીલી કોર્ટ નો હુકમ રજુ કરી અને એવી રજુઆત કરેલ છે કે અરજદાર અને સામાવાળા નં.૧ ના છુટાછેડા થઇ ગયેલ છે. જયારે સામાવાળા તરફે એવી રજુઆત છે કે આ હુકમ સામે અપીલ કરવામાં આવેલ છે. ઉપરોકત ચુકાદા માં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત અનુસાર અરજદારના છુટાછેડા થઇ ગયેલ હોય તો પણ અરજદાર સામાવાળા પાસે થી ભરણપોષણ મેળવવા હકકદાર છે તેવું ફલીત થાય છે.

આ કામે રેર્કડ પર રજુ થયેલ પુરાવો જોતા અરજદાર યુ.એન. મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર , અમદાવાદ માં લેબ ટેકનીશીયન તરીકે નોકરી કરે છે અને માસીક રૂ.૨૬૦૪૫/- ચૌખ્ખી આવક મેળવતા હોવાનું રેકર્ડ પર આવેલ છે. પરંતુ રેકર્ડ પર અરજદાર તથા સામાવાળા નંબર ૧ ની બંને ની આવક ના રજુ થયેલ પુરાવા જોતા બંને આવક અંગે ઘણો તફાવત હોવાનું જણાય છે. આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટ આર./ ક્રિમીનલ રીવીઝન એપ્લીકેશન નં.૧૨૯૯/૨૦૧૯, ડુડેલા રાધાક્રિષ્ન વિરુધ્ધ મનિષા રાધાક્રિષ્ન ડુડેલા, તથા નામદાર પંજાબ અને હરિયાણા હાઈકોર્ટ, CRM-42734-2021 IN/ AND CRR(F)-508-2021(O & M), વરીનદેર કુમાર વિરુધ્ધ પ્રિતી બાલા અને બીજા ના ચુકાદાઓ ધ્યાને લેતાં તથા નામદાર સુપ્રીમ કોર્ટ ના ચુકાદા પર આધાર રાખી નામદાર બોમ્બે હાઈકોર્ટના

ચુકાદા Mr.Sanjay Damodar Kal4 V/s. Ms. Kalyani Sanjay Kale and others, in Criminal Revision Application No.164 of 2019 relied on the pronouncement of *Hon'ble Supreme Court in the case of Sunita Kachwala & Ors. V/s. Anil Kachwala in Criminal Appeal No. 2310 of 2018, wherein it is held that,* In our considered view, merely because the appellant-wife is a qualified post graduate, it would not be sufficient to hold that she is in a position to maintain herself. *In any event, merely because the wife was earning something, it would not be a ground to reject her claim for maintenance.*

નામદાર ગુજરાત હાઈકોર્ટ ના સીમાબેન મહેશભાઈ સોની વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ના ચુકાદા માં પારા–૧૦ માં પ્રસ્થાપિત કરેલ છે કે,

10. Thus, the decisions referred to above of the Supreme Court lays down the proposition of law that even if the wife is earning that by itself will not absolve the husband from his liability to pay the requisite maintenance under 125 of the Code of Criminal Procedure or under the provisions of the Domestic Violence Act,

**In the case of** *Chaturbhuj vs. Sitabai*,

*Appeal (Crl.) 1627 of 2007*, it was held that a wife can still request alimony even if she is earning an income. The Supreme Court ruled that a woman who is separated from her husband can request maintenance from him even if she is earning a monthly income, as long as it is not sufficient for her to support herself. The court also stated that the phrase "unable to maintain herself" does not require a wife to be completely destitute before she can apply for maintenance.

The Hon'ble Delhi High Court in *Jaspreet Singh Vs. Swaneet Kukreja (CRL.REV.P. 162/2021 & CRL.M.As. 5576/2021, 8691/2021)* and *Swaneet Kukreja Vs. Jaspreet Singh (CRL.REV.P. 194/2021)* held that a wife's interim maintenance cannot be denied even if she is capable of earning an income and is a working professional. The Court observed that "the Ld. ASJ has correctly noted that even if it is proved that the wife is capable of earning and is a working professional, it is still no ground to deny her interim maintenance. Therefore, the direction of Rs. 1,25,000/- being paid per month as interim maintenance, with the wife and minor child receiving Rs. 62,500/- each, is an appropriate amount, considering the income of the husband. This Court finds no merit in the submissions of

**either the wife or the husband challenging the said Order and, therefore, does not deem it fit to interfere in the impugned Order dated 06.03.2021.”**

In the case of Kumpal Jagdishbhai Madrasi Versus State Of Gujarat, reported in 2024 (0) AIJEL-HC 248140 Hon'ble Gujarat High Court has held that, -

(b) Code of Criminal Procedure, 1973 - S. 125, 397, 401 - maintenance to wife - it is alleged that after marriage, mother and aunt of petitioner created disturbance between petitioner and respondent wife and they used to torture her - petitioner demanded for divorce from respondent wife - wife demanded maintenance - Family Court passed multiple orders for maintenance - it is contended that husband without any condition is ready and willing to take back wife - further that that wife is practicing Doctor and she is capable of earning - petitioner against whom multiple orders are passed by Jurisdictional Courts has failed to pay single penny to destitute wife - now has come with crocodile tear that petitioner wants to take back wife and therefore, maintenance order cannot sustain in view of S. 125(4) of CrPC - more than one Court noted physical and mental cruelty given to wife and also ordered to

pay compensation - huge amount running in 7 figures are ordered towards maintenance amount - petitioner who wants to take back his wife, appears to be sound but without any meaning and they are opaque words - he is trying to saddle away to pay maintenance - no evidence is produced before Trial Court which indicates that she is earning to status of husband - **even otherwise, if she is capable of earning, it would not deny wife to get maintenance from husband and live as per status of husband** - impugned order is well reasoned order and Trial Court has weighed all evidence on record correctly and rightly - wife is unnecessarily dragged into litigation by husband without paying single penny towards maintenance amount - wife who is destitute is burden with expenses of litigation - therefore, cost is to be paid by petitioner husband to respondent wife - revision application dismissed.(Para 11,12,14,15)

In the case of Sunita Kachwaha Versus Anil Kachwaha in Criminal Appeal No. 2310 of 2014 ; Decided on:- 28-10-2014, Hon'ble Supreme Court has held that,-

CODE OF CRIMINAL PROCEDURE, 1973 Section - 125 Code of Criminal Procedure, 1973 - S. 125 - Family Court passed award granting maintenance

to wife and children - in revision, High Court set aside the award of maintenance on the ground that she was teacher and was also earning from job with health department and that the separate stay of the wife due to alleged dowry torture is not justified and that she has left the matrimonial house without any justifiable ground - appeal - **held, merely because appellant-wife is a qualified post graduate, it would not be sufficient to hold that she is in a position to maintain herself - mere fact that wife is earning something no ground to deny maintenance especially when husband has not placed on record proof of her employment -** High Court committed error in upsetting the findings of Family Court as proceedings u/s 125 of the Code are summary in nature and minor details need not be examined - award of Rs. 3,000 per month to wife towards maintenance being minimal is upheld - appeal allowed.

**9.** Inability to maintain herself is the pre-condition for grant of maintenance to the wife. The wife must positively aver and prove that she is unable to maintain herself, in addition to the fact that her husband has sufficient means to maintain her and that he has neglected to maintain her. In her evidence, the appellant-wife has stated that only due to help of her

retired parents and brothers, she is able to maintain herself and her daughters. Where the wife states that she has great hardships in maintaining herself and the daughters, while her husband's economic condition is quite good, the wife would be entitled to maintenance.

**10.** The learned counsel for the respondent submitted that the appellant-wife is well qualified, having post graduate degree in Geography and working as a teacher in Jabalpur and also working in Health Department. Therefore, she has income of her own and needs no financial support from respondent. In our considered view, merely because the appellant-wife is a qualified post graduate, it would not be sufficient to hold that she is in a position to maintain herself. Insofar as her employment as a teacher in Jabalpur, nothing was placed on record before the Family Court or in the High Court to prove her employment and her earnings. **In any event, merely because the wife was earning something, it would not be a ground to reject her claim for maintenance.**

આમ નામદાર સુપ્રીમ કોર્ટ ના ચુકાદા મુજબ અરજદાર સામાવાળા નં. ૧ પાસેથી ભરણ પોષણ મેળવવા માટે હકકદાર હોવાનું અદાલતનું નમ્રપણે માનવું છે. આ કામના સામાવાળા નં. ૧ પર અરજદાર અને સગીર બાળક સિવાય બીજા કોઈના ભરણપોષણની જવાબદારી નહીં હોવાનું સ્પષ્ટ જણાય આવતું

હોય અને સામાવાળા નં. ૧ એ તેઓની આવક અને જવાબદારી ના સોગંદનામા માં જણાવ્યા મુજબ ની તેની જવાબદારી ધ્યાને લેતા સામાવાળા નં.૧ કિરીટકુમાર રેવનદાસ દિવાનએ અરજદારને રૂ.૭૦૦૦/– (અંકે રૂા. સાત હજાર પુરા) અને સગીર પુત્ર જૈનમને રૂ.૫૦૦૦(અંકે રૂા.પાંચ હજાર પુરા) એમ મળી કુલ રૂા.૧૨૦૦૦/– (અંકે રૂપીયા બાર હજાર પુરા) નામદાર સુપ્રીમ કોર્ટ ના રજનેશ વિરૂધ્ધ નેહા ના ચુકાદા માં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત અનુસાર ભરણપોષણ પેટે મૂળ અરજી દાખલ કર્યા તા.૦૯–૦૯–૨૦૨૦થી દર માસે નિયમિત પણે ચડયે ચડયા ચુકવી આપે તેવો હુકમ કરવો ન્યાયોચિત જણાય છે.

**(૧૧)** વધુમાં અરજદારની અરજી વંચાણે લેવામાં આવે તો અરજદાર તેમની અરજીમાં તેણીનું સ્ત્રીધન અને કપડા લત્તા વગેરે સામાન જે સામાવાળા પાસે છે તે પરત અપાવવાની દાદ માંગેલ છે પરંતુ પોતાના સોગંદપરના પુરાવા દરમ્યાન પોતાનો જે સરસામાન સામાવાળાને ત્યાં પડેલ છે તે અંગેનું કોઇ લીસ્ટ રજુ કરી તેમજ તેના ખરીદીના બીલો રજુ કરી તેણીનો કરિયાવરનો સામાન સામાવાળા પાસે હોવાનું બતાવી શકેલ નથી. વળી અરજદારની ઉલટતપાસ ધ્યાને લેવામાં આવે તો અરજદારે કબુલ કરેલ છે કે તેણીને સીમંત બાદ તેના માતા–પિતા તેમના ઘરે તેડી ગયેલા ત્યારે તેણી દર–દાગીના તેની સાથે લઇ ગયેલ હતી. જેથી તે દાદ મંજુર કરવી ઉચિત જણાતી નથી.

**(૧૨)** વધુમાં અરજદારે ઘરેલું હિંસા અધિનિયમ કલમ–૨૨ હેઠળ તેણીને થયેલ શારીરિક અને માનસિક ત્રાસનું વળતર સામાવાળા પાસેથી અપાવવાની દાદ માંગેલ છે. અરજદારે તેમની અરજી અને સોગંદપરના પુરાવા મુજબ સામાવાળા દ્બારા તેણીને ત્રાસ આપવામાં આવેલ હોવાનું જણાવેલ પરંતુ સામાવાળાના આવા ત્રાસ સબબ તેણીએ કોઇ સારવાર લીધેલ હોય તેવો કોઇ પુરાવો રજુ કરેલ નથી, પરંતુ સામાવાળાઓ દ્બારા અરજદારને શારીરિક માનસિક ત્રાસ આપતાં તેણીને વ્યથા થયેલ હોવાનું રેકર્ડ પર આવેલ છે ત્યારે અરજદાર તેણીને થયેલ ત્રાસ પેટે વળતર મેળવવા હકકદાર હોવાનું અદાલતનું

માનવું છે. આથી, સામાવાળા નં.૧ના અરજદારને શારીરિક માનસિક ત્રાસના વળતર પેટે રૂા.૧૦,૦૦૦/–ચુકવી આપે તેવો હુકમ કરવામાં આવે તો તે ન્યાયોચિત ગણાશે.

(૧૩) સામાવાળા તરફે તેઓની લેખીત દલીલ માં તેઓ પુત્ર જૈનમના કુદરતી વાલી હોય અરજદારનો જેટલો હકક અને અધિકાર છે તેટલો તેઓનો હકક અને અધિકાર હોવા છતાં અરજદાર સામાવાળાને તેમના પુત્રને મળવા દેતાં ના હોય દરેક અઠવાડિયાના રવિવારે તથા રજાના દિવસોમાં અનુકુળ સમયે ૧ થી ૨ કલાક સામાવાળા નં.૧ને પુત્ર જૈનમને મળવા દે તે પ્રકારનો હુકમ કરવા વિનંતી કરેલ છે. પરંતુ સામાવાળા નંબર ૧ દવારા આ કેસ ચાલતા દરમ્યાન કોઈ અરજી કરેલ નથી. આ કામે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા તથા કાયદા ની જોગવાઈ ધ્યાને લેતા અરજદારની આ દલીલ ગ્રાહય રાખવાપાત્ર જણાતી નથી. આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં અરજદાર મુદ્દા નં.૨ તેઓની તરફેણમાં પુરવાર કરવામાં અંશત: સફળ નીવડેલ હોય ઉપરોકત ચર્ચાનુસાર મુદ્દા નં.૨નો જવાબ અંશત: હકારમાં આપી મુદ્દા નં.૩ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–::/ /હુ ક મ/ /::–**

(૧) અરજદારની અરજી અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના સામાવાળાઓએ અરજદાર પ્રત્યે પારિવારિક હિંસાનું કોઈ કૃત્ય કરવું કરાવવું નહીં કે સામાવાળાઓએ અરજદાર કે તેણીના દિકરાને કોઈપણ જાતની ધાક ધમકી ભવિષ્યમાં આપવી નહીં.

(૩) આ કાયદાની કલમ–૧૯(૨) ધ્યાને લેતાં કે અરજદાર અને તેમના પુત્ર જે જગ્યાએ રહેતાં હોય તેની સલામતીને જોખમ થાય તેવું કોઈ કૃત્ય સામાવાળાઓએ કરવું નહીં તેવો હુકમ ફરમાવવામાં આવે છે.

(૪) આ કાયદાની કલમ ૧૯ અન્વયે વધુમાં એવો હુકમ કરવામાં આવે છે કે અરજદારે ફેમીલી સ્યુટ નંબર ૨૦૬૯/૨૦૨૧ માં

આંક–પ ની અરજી તળે નામદાર ફેમિલી કોર્ટે એવો હુકમ કરેલ છે કે સામાવાળા પતિએ અરજદારને સમાન કક્ષાના આવાસ ની વ્યવસ્થા કરવી અથવા તે પ્રમાણેનું મકાનનું બજાર ભાડું સામાવાળાએ ચુકવી આપવું અને જયાં સુધી સામાવાળા તે પ્રમાણે વર્તે નહીં ત્યાં સુધી અરજદાર હાલ જે મકાનમાં રહે છે તે મકાનમાં રહી શકશે અને સામાવાળા તે મુજબ વર્તેથી અરજદારે સદર મકાનનો કબજો એક અઠવાડિયામાં તેઓના સાસુને સોંપી દેવાનો રહેશે. આમ નામદાર ફેમીલી કોર્ટ નો હુકમ વંચાણે લેતા તેમાં સામાવાળા પતિએ અરજદાર સામે સમાન કક્ષાના આવાસ ની વ્યવસ્થા કરવી અથવા તે પ્રમાણેનું મકાનનું બજાર ભાડું સામાવાળાએ ચુકવી આપવું અને જયાં સુધી સામાવાળા તે પ્રમાણે વર્તે નહીં ત્યાં સુધી અરજદાર હાલ જે મકાનમાં રહે છે તે મકાનમાં રહી શકશે તેવો હુકમ કરેલ છે. જેથી હાલના કેસ માં અરજદાર કોઈ મકાન ભાડુ ચુકવતા હોય તેવો કોઈ પુરાવો રજુ થયેલ ન હોય મકાન ભાડા અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

(૫) આ કામના સામાવાળા નં.૧ કિરીટકુમાર રેવનદાસ દિવાનએ અરજદારને રૂા.૭૦૦૦/– (અંકે રૂા. સાત હજાર પુરા) અને સગીર પુત્ર જૈનમને રૂા.૫૦૦૦/– (અંકે રૂા. પાંચ પુરા) એમ મળી કુલ રૂા.૧૨૦૦૦/– (અંકે રૂપીયા બાર હજાર પુરા) ભરણપોષણ પેટે નામદાર સુપ્રીમ કોર્ટ ના રજનેશ વિરૂધ્ધ નેહા ના ચુકાદા માં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત અનુસાર મૂળ અરજી દાખલ કર્યા તા.૦૯–૦૯–૨૦૨૦થી દર માસે નિયમિત પણે ચડયે ચડયા ચુકવી આપે તેવો હુકમ કરવામાં આવે છે અને આ રકમમાં અરજદારની મૂળભૂત જરૂરીયાત, મેડીકલ ફેસેલીટી, જે મકાનમાં તેઓ રહે છે તેનું મેન્ટેનન્સ અને વીજ બીલની આ રકમમાં ગણવામાં આવશે.

(૬) આ કામના સામાવાળા નં.૧ કિરીટકુમાર રેવનદાસ દિવાનએ અરજદારને માનસિક તથા શારીરિક ત્રાસના વળતર પેટે રૂા.૧૦,૦૦૦/-(અંકે રૂા.દસ હજાર પુરા) અલગ થી ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૭) આ કામના સામાવાળા નં.૧ કિરીટકુમાર રેવનદાસ દિવાનએ અરજદારને અરજીના ખર્ચ પેટે રૂા.૨૦૦૦/-(અંકે રૂા.બે હજાર પુરા) અલગથી ચુકવી આપવા હુકમ કરવામાં આવે છે.

(૮) નામદાર સુપ્રીમ કોર્ટ ના રજનેશ વિરૂધ્ધ નેહા ના ચુકાદા માં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત અનુસાર અરજદારે ફેમીલી કોર્ટમાં કે અન્ય કોઈ કોર્ટમાં કે અન્ય કોઈ કાયદા નીચે અગર તો ઘરેલું હિંસાના કાયદા અન્વયે જો કોઈ ખાધા ખોરાકીની અરજી કરેલ હોય અને તે અરજીમાં થયો હોય અગર તો કોઈ વચગાળાના ભરણપોષણના હુકમ કે ફાયનલ હુકમ લગત કોઈ રકમ સામાવાળા ચુકવતા હોય અગર તો ચુકવેલ હોય તો તે રકમ આ રકમમાંથી મજરે આપવાની રહેશે.

(૯) ઉપરોકત હુકમની એક નકલ આ કાયદાની કલમ ૨૦(૫) તથા ૨૪ મુજબ આ કામના પક્ષકારોને વિના મૂલ્યે આપવી તથા પક્ષકારો જે પોલીસ સ્ટેશનની હદમાં રહેતાં હોય તે પોલીસ સ્ટેશનના અધિકારી તથા પ્રોટેકશન ઓફિસરને વિના મૂલ્યે મોકલી આપવી.

હુકમ આજરોજ તારીખ ૦૬ ઠ્ઠી માહે જુન સને ૨૦૨૫ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**તા.૦૬-૦૬-૨૦૨૫**
**અમદાવાદ શહેર.**

**(એ. જી. ઓઝા)**
**૧૯મા એડિ. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**(કોર્ટ નં.૧૩) અમદાવાદ શહેર.**
**કોડ નં.જીજે-૦૦૮૩૯**